દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૧૦

## તત્ત્વજ્ઞાનનો દશકો

(૧) આત્માનું અમરપણું જાણે તો મરણનો ભય મટે.
(૨) મરણને જાણનારો પોતે કદી મરતો નથી.
(૩) દેહ આવ્યો ને ગયો, આત્મા તો એ જ રહ્યો.
(૪) આત્માને આત્માનો વિયોગ કદી હોય નહીં.
(૫) શરીરના વિયોગે કાંઈ આત્માનો વિયોગ થતો નથી.
(૬) સિદ્ધભગવંતો સદાકાળ શરીર વગર જીવી રહ્યા છે.
(૭) દેહગૂફામાં અંદર ઊંડેઊંડે આત્મા છે તેને લક્ષમાં લ્યો.
(૮) સિદ્ધભગવાનને શોધવા માટે અંતર્મુખ થઈને આત્મામાં જો.
(૯) દેહ આવે ને જાય પણ આત્મા કદી દેહરૂપ ન થાય.
(૧૦) રાગમાં કદી સુખ નહિ ને વીતરાગતામાં દુઃખ નહીં.

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર     સંપાદક: બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૫ શ્રાવણ ( લવાજમ: ચાર રૂપિયા ) વર્ષ ૨૬ : અંક ૧૦
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

## વિ વિ ધ સ મા ચા ર

❀ સોનગઢમાં કહાનનગર સોસાયટીનું ઉદ્‌ઘાટન ભાદરવા સુદ એકમ ને શુક્રવાર તા. ૧૨–૯–૬૯ ના રોજ થવાનું છે.

❀ સોનગઢમાં જે નવું આગમમંદિર થવાનું છે તેના શિલાન્યાસનું મુહૂર્ત ભાદરવા સુદ બીજ ને શનિવાર તા. ૧૩–૯–૬૯ ના રોજ છે.

❀ સાવરકુંડલાની પાસેના કાનાતળાવ ગામમાં ત્યાંના જૈન કણબીભાઈઓ દ્વારા જે નવું સ્વાધ્યાય મંદિર તથા જિનમંદિર થવાનું છે તેના શિલાન્યાસનું મુહૂર્ત ભાદરવા સુદ ત્રીજ ને રવિવાર તા. ૧૪–૯–૬૯ ના રોજ છે.

❀ દસલક્ષણી– પર્યુષણ પર્વનો પ્રારંભ ભાદરવા સુદ ચોથ ને સોમવાર તા. ૧૫–૯–૬૯ ના રોજ થશે.

## મિટિંગ સંબંધી જાહેરાતો-

❀ દિગંબર જૈન મુમુક્ષુ મહામંડળની કાર્યવાહક કમિટિની મિટિંગ ભાદરવા સુદ એકમ ને શુક્રવાર તા. ૧૨–૯–૬૯ ના રોજ બપોરે ચાર વાગે રાખવામાં આવી છે.

❀ દિગંબર જૈન મુમુક્ષુ મહામંડળની સામાન્ય સભા ભાદરવા સુદ ત્રીજ ને રવિવાર તા. ૧૪–૯–૬૯ ના રોજ સવારે સાડાનવ વાગે રાખવામાં આવી છે.

❀ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ (સોનગઢ) ની મિટિંગ ભાદરવા સુદ ત્રીજ ને રવિવાર તા. ૧૪–૯–૬૯ ના રોજ બપોરે ૪ વાગે રાખવામાં આવી છે.

❀ શ્રી જૈન અતિથિ સેવા સમિતિની વાર્ષિક સામાન્ય સભા શ્રાવણ વદ અમાસ ને ગુરુવાર તા.૧૧–૯–૬૯ ના રોજ બપોરે ચાર વાગે રાખવામાં આવી છે.

❀ શ્રી જૈન વિદ્યાર્થીગૃહના ટ્રસ્ટીઓની તથા વ્યવસ્થાપક કમિટિની મિટિંગ શ્રાવણ વદ અમાસ ને ગુરુવાર તા. ૧૧–૯–૬૯ ના રોજ સવારે સવાનવ વાગે; તથા જનરલ સભાની મિટિંગ ભાદરવા સુદ બીજ ને શનિવારે ચાર વાગે રાખવામાં આવી છે.

**મુનિમહિમાઃ-** દરવર્ષે વૈશાખ માસે આપણે વિશેષાંક પ્રગટ કરીએ છીએ; તદ્‌નુસાર આગામી વૈશાખ માસમાં "મુનિવરોના મહિમાનો એક ખાસ વિશેષાંક" પ્રગટ કરવાની ભાવના છે.–જેથી જૈનધર્મમાં ચારિત્રદશાનો અને મુનિદશાનો કેવો અપાર મહિમા છે તે જગતમાં પ્રસિદ્ધિ થાય; અને આપણા સમાજને મુનિભગવંતો પ્રત્યે કેટલો મહાન આદર છે તે પણ આપણે વ્યક્ત કરીએ. સૌના યોગ્ય સહકારથી જો આ અંક પ્રસિદ્ધ થશે તો ખૂબ જ પ્રભાવનાનું કારણ થશે.

**પ્રથમ સ્વર્ગઃ-** મેરૂપર્વતની ટોચ પછી તરત પહેલા સ્વર્ગની શરૂઆત થાય છે; અને દોઢ રાજુની ઊંચાઈ સુધી પહેલું સ્વર્ગ છે. દોઢ રાજુની ઊંચાઈએ પહેલા સ્વર્ગની ધજા છે; ને તેનું તળીયું મેરુ ઉપર એક બાલ જેટલા અંતરે છે. આ રીતે દોઢ રાજુમાં પહેલું સ્વર્ગ વિસ્તરેલું છે. (કેટલાક જિજ્ઞાસુઓ તરફથી પ્રશ્ન આવેલ તેથી આટલી સ્પષ્ટતા કરી છે.)

પૂ. ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. સવારે સમયસારમાં પુણ્ય–પાપઅધિકાર તથા બપોરે પ્રવચનસાર ગા. ૧૭૨ અલિંગગ્રહણના ૨૦ બોલ ઉપર પ્રવચનો ચાલે છે.

(વિશેષ માટે જુઓ પૃ. ૩૩)

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

दंसण मूलो धम्मो

આત્મધર્મ

આત્માર્થીતા · વાત્સલ્ય · દેવગુરુધર્મની સેવા

વર્ષ ૨૬ : અંક ૧૦

વીર સં. ૨૪૯૫ શ્રાવણ

# હમ તો કબહૂં ન નિજ ઘર આયે

हम तो कबहूँ न निज घर आये ।। टेक ।।
पर घर फिरत बहुत दिन बीते, नाम अनेक घराये ।। हम०।।
परपद-निजपद मान मगन ह्व परपरिणति लिपटाये ।।
शुद्ध शुद्ध सुखकन्द मनोहर, चेतन भाव न भाये ।। हम०।।
नर पशु देव नरक निज जान्यो, परजय बुद्धि लहाये ।।
अमल अखण्ड अतुल अविनाशी, आतमगुन नहिं गाये ।। हम०।।
यह बहभूल भई हमरी, फिर कहाकाज पछिताये ।।
'दौल तजो अजहूं विषयनको, सत्गुरुवचन सुहाये ।। हम०।।

નિજઘર એટલે આનંદમય ચૈતન્યધામ તેના અનુભવની ભાવના વ્યક્ત કરતાં કવિ કહે છે કે અરે, અમારા આ નિજઘરમાં અમે કદી ન આવ્યા. ભવભ્રમણરૂપ ઘરમાં ભમતાં ભમતાં ઘણાં દિવસો વીત્યા ને ઘણાં નામ ધારણ કર્યા; પરપદને જ નિજપદ સમજીને તેમાં મગ્ન થઈ રહ્યો ને પરપરિણતિમાં ફસાયો, પરંતુ શુદ્ધ–બુદ્ધ–સુખકંદ ને મનોહર એવા ચૈતનભાવની ભાવના કદી ન ભાવી.

નર–પશુ–દેવ–નરક એમ ચારગતિરૂપે જ આત્માને માનીને પર્યાયબુદ્ધિ થઈ ગયો; પણ અમલ–અખંડ–અતુલ ને અવિનાશી એવા આત્માના ગુણ ન ગાયા, તેની ઓળખાણ ન કરી. આ અમારી મોટી ભૂલ થઈ ગઈ; પણ (કવિ કહે છે કે) હવે પસ્તાવાથી શું? હવે તો સદ્‌ગુરુના વચનનો પ્રેમ કરીને હે દૌલત! તમે આજે જ વિષયોને છોડો અને આનંદમય ચેતનધામ એવા નિજઘરમાં આવીને રહો.

# સર્વજ્ઞપદની વિભૂતિથી ભરેલું ચૈતન્યમય નિજઘર

**મરણ ટાણે જીવ શરીરને કહે છેઃ હે ભાઈબંધ! મારી સાથે ચાલ.
ત્યારે શરીર કહે છે કેઃ હું તારી સાથે નહિ આવું.**

હે જીવ! તું તો ઉત્કૃષ્ટ ચૈતન્યરૂપનો ધારક છો; તારી સર્વજ્ઞપદની વિભૂતિ જગતમાં ઉત્કૃષ્ટ છે; અરે, તું દેહમાં ક્યાં મૂર્છાણો? વિજ્ઞાનઘન આનંદમૂર્તિ આત્મા તું મૃતક–કલેવર જેવા શરીરમાં કેમ મોહિત થયો? શરીરની અવસ્થાથી તું પોતાને સુખી–દુઃખી માને છે તે મહાન અસત્ય છે. હું પૈસાવાળો અથવા હું ગરીબ–એ પણ બાહ્યબુદ્ધિ છે. શરીર પણ તારું નથી તો ધન–પુત્રાદિ તારાં ક્યાંથી થયા? –એ તો ક્ષેત્રથી પણ તારાથી દૂર પડયા છે, તો તારાં ક્યાંથી થઈ ગયા! ભાઈ, તું પૈસાવાળો કે ગરીબ નથી, તું તો ચૈતન્યલક્ષ્મીનો ખજાનો છો, આનંદનો ભંડાર છો; જેની પ્રીતિના બળે છ ખંડની વિભૂતિનો મોહ ક્ષણમાં છૂટી જાય–એવી ચૈતન્યસંપત્તિનો ભંડાર તું છો. માટે દીનતા છોડ, ને તારી ચૈતન્યલક્ષ્મીને સંભાળ.

બહારનું કરવાની હો–હા કરીને લોકો મિથ્યાત્વને સેવે છે, પણ સ્વતત્ત્વને સંભાળતા નથી. જડના સંયોગથી હું રાજા કે હું રંક–એ બંને માન્યતા મિથ્યા છે. પૈસા તો પુદ્ગલની રચનાથી બન્યા છે, તે કાંઈ જીવની રચનાથી બન્યા નથી. જીવની રચના તો જ્ઞાનમય હોય, જડ ન હોય, અસંગી ચૈતન્યને ભૂલીને પરસંગને પોતાના માનતાં જીવ દુઃખી થાય છે. કોઈ જીવ 'રૂપિયા મારા' એવા તીવ્ર મોહવશ મરીને તે રૂપિયાના ડાબલામાં જ અવતરે છે. જાણે કે રૂપિયા તે જ જીવ હોય એમ તેની પાછળ જીવન ગુમાવે છે.–પણ ભાઈ! તારું જીવન રૂપિયા વગરનું ચૈતન્યમય છે; રૂપિયા વગરનો આનંદ તારામાં છે. તું કહે છે–બંગલો મારો, ઘર મારું, પણ એ તો માટીનાં છે. તારું ઘર તો ચૈતન્યમય છે; ચૈતન્યઘરમાં તારું રહેઠાણ છે, જડ ઈંટના ઢગલામાં તારું રહેઠાણ નથી. ચૈતન્યમય નિજઘરને ભૂલીને પરઘરમાં–પથ્થરનાં બંગલામાં કે ઝૂંપડામાં જીવ પોતાપણાની બુદ્ધિ કરે છે ને મોહથી રખડે છે. સન્તો તેને અસંખ્યપ્રદેશી આનંદનું ધામ એવું નિજઘર બતાવે છે. ભાઈ, તું નિજઘરમાં કદી ન આવ્યો ને બહાર ચાર ગતિરૂપ પરઘરમાં રખડયો, હવે તો જિનઘરમાં આવ.




–હવે તો
નિજઘરમાં
આવ.

હમ તો કબહૂ ન નિજઘર આયે....................હમ તો
પરપદ નિજપદ માન મગન હૈ પરિણતિ લિપટાયે,
શુદ્ધબુદ્ધ સુખકંદ મનોહર ચેતનભાવ ન ભાયે.......હમ તો૦

અરે, પત્થરનું મકાન કે શરીર તે તો જડની રચના છે, એ જડભુવનમાં આત્માનું ખરૂં રહેઠાણ નથી. આત્માનું ખરૂ રહેઠાણ તો જ્ઞાન અને સુખનું ધામ છે, એવા આત્મભુવનમાં હે જીવ ! તું આવ.

અગાઉના શ્રીમંત લોકો ઘણા ગાય–ભેંસ રાખતા ને તેને ધન ગણાતું; ગાય ભેંસને બદલે અત્યારે તો ઘરે ઘરે રેડિયા ને મોટર થઈ ગયા છે. પણ એ ગાય–ભેંસ કે મોટર–રેડિયા કાંઈ જીવનું નથી. જીવ મફતનો એની પાછળ જીંદગી ગુમાવે છે; ભાઇ ! એ કોઇ તને શરણ થવાના નથી. રાજપદ ને પ્રધાનપદ પણ અનંતવાર મળ્યાં, પણ એ કાંઈ તારાં પદ નથી, તે તો અપદ છે, તારું પદ તો ચૈતન્યમય છે. ધન–શરીરાદિ તારાં હોય તો તે તારી સાથે જ રહેવા જોઈએ ને પરભાવમાંય સાથે આવવા જોઈએ. મરણ ટાણે તો એ બધા અહીં પડયા રહેશે, તેની ખાતર તેં ગમે તેટલા પાપ બાંધ્યાં પણ તારી સાથે એક ડગલું પણ તે આવવાનાં નથી.

મરવાનું ટાણું થતાં જીવ શરીરને કહે છે કે–હે શરીર ! હે મારા ભાઈબંધ ! આખી જીંદગી આપણે સાથે રહ્યા માટે હવે તું મારી સાથે ચાલ !

શરીર કહે છે કે–હું નહીં આવું.

જીવ કહે છે કે–અરે, પણ મેં તારા ખાતર જીવન વીતાવ્યું ને ઘણાં પાપ કરી કરીને તને પોષ્યું. માટે થોડેક સુધી તો મારી સાથે આવ!

શરીર કહે છે કે–એક ડગલુંય નહીં આવું. તું તારા રસ્તે ને હું મારા રસ્તે; તું તારા ભાવોનું ફળ ભોગવવા અન્ય ગતિમાં એકલો જા; ને હું ભસ્મ થઈને માટીમાં મળી જઈશ. –આપણી બંનેની ચાલ જુદી છે. તેં ભ્રમથી મારી સાથે એકતા માની તે તારી ભૂલ હતી.

–જ્યાં જીવનભર એકક્ષેત્ર રહેનાર શરીરની પણ આ સ્થિતિ છે ત્યાં પ્રત્યક્ષ જુદા એવા પુત્ર–પુત્રાદિની કે ધન–બંગલાની શી વાત! તે તો જીવતાં પણ જીવને છોડીને ચાલ્યા જતાં નજરે દેખાય છે. છતાં મફતનો મોહ કરીને જીવ દુઃખી થાય છે. મારી પુત્રી, મારો પુત્ર, મારી માતા, મારી બેન, મારો ભાઈ, –એમ મમતા કરે છે, પણ તારું તો જ્ઞાન છે, તે જ્ઞાનને અનુભવમાં લે.

## ચંદ્રબાબતઃ-

ચંદ્ર બાબત હમણાં કેટલીય ચર્ચા ચાલી રહી છે; તે સંબંધમાં અનેક પત્રો અને લેખો આવેલા છે. આપણે આ બાબતમાં આત્મધર્મમાં (અંક ૩૦૮A માં) જૈનશાસ્ત્રોઅનુસાર કેટલુંક સ્પષ્ટીકરણ કરેલું જ છે; વિશેષ સ્પષ્ટતા પણ યોગ્ય સમયે થશે. હાલ તો એટલું જ કહીશું કે બંધુઓ! આપણા વીતરાગી જૈનસિંદ્ધાતમાં જે કાંઈ કહ્યું છે તે સત્ય જ છે, અને તેનાથી વિરુદ્ધ હજી સુધી કોઈ ઘટના બની નથી. ચંદ્રસંબંધી ચર્ચા વખતે ગુરુદેવ એક સરસ ‘આત્મસ્પર્શી’ ન્યાય વારંવાર કહેતા કે –ઇન્દ્રિયોથી અગોચર એવો અતીન્દ્રિય જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા–તેનું વર્ણન જેમાં યથાર્થ છે અને સાધકને મતિશ્રુતજ્ઞાનદ્વારા જેનું સ્વસંવેદન–પ્રત્યક્ષ થઈ શકે છે; –એવા અતીન્દ્રિય આત્માનું વર્ણન જેમાં યથાર્થ છે, તે જૈનશાસ્ત્રોમાં ત્રણલોકનું (ચંદ્ર–સૂર્ય–મેરુ–વિદેહ વગેરેનું પણ) જે વર્ણન છે તે યથાર્થ જ છે. અને જગતમાં જે કાંઈ બનાવો બનશે તે જૈનસિદ્ધાંતની પુષ્ટિ કરનારા જ હશે; –એ બાબતમાં નિઃશંક રહીને હે બંધુઓ! આત્મહિતના લક્ષે જૈનસિદ્ધાંતનું સેવન કરો. ચંદ્ર વગેરે સંબંધી વિશેષ ખ્યાલ કદાચ ન આવે તો પણ જૈનસિદ્ધાન્તમાં કહેલા પ્રયોજનભૂત તત્ત્વના અભ્યાસવડે આત્મહિત સાધી શકાય છે. માટે નિઃશંકપણે જૈનસિદ્ધાંતનું ભક્તિથી સેવન કરો.

–સંપાદક

# સમ્યક્ત્વ માટેની સરસ મજાની વાત

## સમ્યગ્દર્શનનો પ્રયત્ન સમજાવે છે ને શુદ્ધના વિકલ્પથીયે આગળ લઈ જાય છે.

**શ્રી સમયસારની ૧૪૪ મી ગાથા એટલે સમ્યગ્દર્શનનો મંત્ર....મુમુક્ષુને અત્યંત પ્રિય એવી આ ગાથા આત્માનો અનુભવ કરવાની રીત બતાવે છે તેનાં પ્રવચનોનું દોહન અહીં પ્રશ્નોત્તરશૈલીથી રજુ કર્યું છે, ફરીફરીને તેના ભાવોનું ઊંડું મનન મુમુક્ષુજીવને ચૈતન્યગૂફામાં લઈ જશે.**

❀ પ્રશ્નઃ– સમ્યગ્દર્શન કરવા માટે મુમુક્ષુએ પહેલાં શું કરવું?

ઉત્તરઃ– હું જ્ઞાનસ્વભાવ છું–એવો નિશ્ચય કરવો.

❀ પ્રશ્નઃ– તે નિર્ણય કોના અવલંબને થાય?

ઉત્તરઃ– શ્રુતજ્ઞાનના અવલંબનથી તે નિર્ણય થાય.

❀ આ નિર્ણય કરનારનું જોર ક્યાં છે?

આ નિર્ણય કરનાર જોકે હજી સવિકલ્પદશામાં છે પરંતુ તેનું વિકલ્પ ઉપર જોર નથી, જ્ઞાનસ્વભાવ તરફ જ જોર છે.

❀ આત્માની પ્રગટ પ્રસિદ્ધિ ક્યારે થાય?

આત્માના નિશ્ચયના બળે નિર્વિકલ્પ થઈને સાક્ષાત્ અનુભવ કરે ત્યારે.

❀ આવા અનુભવ માટે મતિજ્ઞાને શું કર્યું.

તે પરથી પાછું વળીને આત્મસન્મુખ થયું.

❀ શ્રુતજ્ઞાને શું કર્યું?

પહેલાં તે નયપક્ષના વિકલ્પોની આકુળતા થતી તેનાથી જુદું પડીને તે શ્રુતજ્ઞાન પણ આત્મસન્મુખ થયું; એમ કરવાથી નિર્વિકલ્પ અનુભૂતિ થઈ, પરમઆનંદ સહિત સમ્યગ્દર્શન થયું, ભગવાન આત્મા પ્રસિદ્ધ થયો; તેને ધર્મ થયો અને તે મોક્ષના પંથે ચાલ્યો.

### ❀ આત્મા કેવો છે?

આત્મા જ્ઞાનસ્વભાવ જ છે; 'જ્ઞાનસ્વભાવ' માં રાગાદિ ન આવે, જ્ઞાનસ્વભાવમાં ઇન્દ્રિય કે મનનું અવલંબન ન આવે. એટલે જ્યાં 'હું જ્ઞાનસ્વભાવ' એમ આત્માનો નિર્ણય કર્યો ત્યાં શ્રુતનું વલણ ઇન્દ્રિયો અને મનથી તથા રાગથી પાછું વળીને જ્ઞાનસ્વભાવ તરફ ઝૂકયું. આ રીતે જ્ઞાનસ્વભાવ તરફ ઝૂકતાં જે પ્રત્યક્ષ સાક્ષાત્ નિર્વિકલ્પ અનુભવ થયો તે જ સમ્યગ્દર્શન છે, તે જ સમ્યગ્જ્ઞાન છે, તે જ ભગવાન આત્માની પ્રસિદ્ધિ છે. આ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન તે આત્માની પર્યાય છે, તે કાંઈ આત્માથી જુદાં નથી.

### ❀ જ્ઞાનસ્વભાવના નિર્ણય વડે અનુભવ થાય?

હા; જ્ઞાનસ્વભાવનો સાચો નિર્ણય જીવે કદી કર્યો નથી. 'જ્ઞાનના બળે' (–નહિ કે વિકલ્પના બળે) સાચો નિર્ણય કરે તો અનુભવ થયા વગર રહે નહીં. જેના ફળમાં અનુભવ ન થાય તે નિર્ણય સાચો નહીં. વિકલ્પના કાળે મુમુક્ષુનું જોર તે વિકલ્પ તરફ નથી પણ 'હું જ્ઞાનસ્વભાવ છું' એવો નિર્ણય કરવા તરફ જોર છે. ને એવા જ્ઞાન તરફના જોરે આગળ વધીને જ્ઞાનને અંતરમાં વાળીને અનુભવ કરતાં વિકલ્પ છૂટી જાય છે, જ્ઞાનનું જ્ઞાનરૂપે પરિણમન થાય છે. તેને આનંદ કહો, તેને સમ્યગ્દર્શન કહો, તેને મોક્ષમાર્ગ કહો, તેને સમયનો સાર કહો. –બધું તેમાં સમાય છે.

### ❀ આત્માનો રસ કેવો છે?

આત્માનો રસ એકલા વિજ્ઞાનરૂપ છે; ધર્મી જીવ વિજ્ઞાનરસના જ રસિલા છે; રાગનો રસ તે આત્માનો રસ નથી; રાગનો જેને રસ હોય તેને આત્માના વિજ્ઞાન રસનો સ્વાદ અનુભવમાં ન આવે. રાગથી ભિન્ન એવા વીતરાગ–વિજ્ઞાનરસપણે આત્મા સ્વાદમાં આવે ત્યારે જ સમ્યગ્દર્શન છે. વિજ્ઞાનરસ કહો કે અતીન્દ્રિયઆનંદ કહો, સમ્યગ્દર્શનમાં તેનો સ્વાદ અનુભવાય છે.

### ❀ હું શુદ્ધ છું–એવો જે શુદ્ધનયનો વિકલ્પ–તેમાં અટકવું તે શું છે?

તે મિથ્યાદ્રષ્ટિનો નયપક્ષ છે. સમ્યગ્દર્શન તો તે નયપક્ષથી પાર છે. વિકલ્પની આકુળતાના અનુભવમાં શુદ્ધઆત્માનો અનુભવ નથી. સમ્યગ્દર્શનમાં શુદ્ધઆત્માનો નિર્વિકલ્પ અનુભવ છે. શુદ્ધઆત્માનો અનુભવ કરવો તે અંતર્મુખ ભાવશ્રુતનું

કામ છે, તે કાંઈ વિકલ્પનું કામ નથી. વિકલ્પમાં આનંદ નથી, તેમાં તો આકુળતા ને દુઃખ છે; ભાવશ્રુતમાં આનંદ અને નિરાકુળતા છે.

### બીજા વિકલ્પો કરતાં તો શુદ્ધઆત્માનો વિકલ્પ સારો છે ને ?

ધર્મને માટે તો એક્કેય વિકલ્પ સારો નથી, વિકલ્પની જાત જ આત્માના સ્વભાવથી જુદી છે, પછી તેને સારો કોણ કહે ? જેમ બીજા વિકલ્પમાં એકતાબુદ્ધિ તે મિથ્યાત્વ છે, તેમ શુદ્ધાત્માના વિકલ્પમાં એકતાબુદ્ધિ તે પણ મિથ્યાત્વ છે. બધા વિકલ્પોથી પાર જ્ઞાનસ્વભાવને દેખવો–જાણવો–અનુભવવો તે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન છે. તે જ સમયનો સાર છે; વિકલ્પો તો બધા અસાર છે. ભલે શુદ્ધનો વિકલ્પ હો–પણ તેને કાંઈ સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન કહી શકાતું નથી; તે વિકલ્પ વડે ભગવાનનો ભેટો થતો નથી. વિકલ્પ તે કાંઈ ચૈતન્યદરબારમાં પેસવાનો દરવાજો નથી. જ્ઞાનબળે 'જ્ઞાનસ્વભાવનો નિર્ણય' તે જ ચૈતન્યદરબારમાં પેસવાનો દરવાજો છે.

### જ્ઞાનની પ્રાપ્તિ ક્યાંથી થાય છે ?

જ્ઞાનની પ્રાપ્તિ સર્વજ્ઞસ્વભાવી આત્મામાંથી થાય છે, જ્ઞાનની પ્રાપ્તિ વિકલ્પમાંથી નથી થતી. અંદર શક્તિમાં જે પડયું છે તે જ આવે છે, બહારથી નથી આવતું. અંદરની નિર્મળ જ્ઞાનશક્તિમાં અભેદ થતાં પર્યાય સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમી જાય છે.

### સમ્યગ્દર્શન માટેની પહેલી શરત શું છે ?

પહેલી શરત એ છે કે 'હું જ્ઞાનસ્વભાવ છું' એમ શ્રુતજ્ઞાનના અવલંબનથી નિશ્ચય કરવો. સર્વજ્ઞભગવાને સમવસરણમાં દિવ્યધ્વનિવડે જે ભાવશ્રુત ઉપદેશ્યું તે અનુસાર શ્રીગુરુ પાસેથી શ્રવણ કરીને અંદર ભાવશ્રુત વડે જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો. ભગવાને શ્રુતમાં એમ જ કહ્યું છે કે જ્ઞાનસ્વભાવ તે શુદ્ધઆત્મા છે. એવો નિર્ણય કરીને ગૌતમાદિ જીવો ભાવશ્રુતરૂપે પરિણમ્યા, તેથી 'ભગવાને ભાવશ્રુતનો ઉપદેશ આપ્યો' એમ કહ્યું. ભગવાનને તો કેવળજ્ઞાન છે, પરંતુ શ્રોતાઓ ભાવશ્રુતવાળા છે–તેથી ભગવાને ભાવશ્રુતનો ઉપદેશ દીધો એમ કહેવાય છે. સર્વજ્ઞભગવાને ઉપદેશેલા શ્રુતમાં એવો નિર્ણય કરાવ્યો છે કે 'આત્મા જ્ઞાનસ્વભાવ છે.' આવા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો તે સમ્યગ્દર્શન માટેની પહેલી શરત છે.

### આત્માનો નિર્ણય કર્યા પછી અનુભવ માટે શું કરવું?

આત્મા એટલે જ્ઞાનનો ઢગલો, જ્ઞાનપૂંજ; તે જ્ઞાનસ્વરૂપ આત્મા રાગવાળો નથી. કર્મવાળો નથી, શરીરવાળો નથી; તે પરનું કરે એ તો વાત જ નથી. – આવા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો ત્યાં 'હવે મારે શું કરવું' એ પ્રશ્ન રહેતો નથી. પણ જે સ્વભાવનો નિર્ણય કર્યો તે સ્વભાવ તરફ તેનું જ્ઞાન વળે છે. નિર્ણયની ભૂમિકામાં જોકે હજી વિકલ્પ છે. હજી ભગવાન આત્મા પ્રગટ પ્રસિદ્ધ થયો નથી, અવ્યક્તપણે નિર્ણયમાં આવ્યો છે પણ સાક્ષાત્ અનુભવમાં નથી આવ્યો; તેને અનુભવમાં લેવા માટે શું કરવું? કે નિર્ણય સાથે જે વિકલ્પ છે તે વિકલ્પમાં ન અટકવું, પણ વિકલ્પથી ભિન્ન જ્ઞાનને અંતર્મુખ કરીને આત્મસન્મુખ કરવું. વિકલ્પ તે કાંઈ સાધન નથી. વિકલ્પ દ્વારા પરની પ્રસિદ્ધિ છે, તેમાં આત્માની પ્રસિદ્ધિ નથી. ઈંદ્રિયો કે વિકલ્પો તરફ અટકેલું જ્ઞાન પણ આત્માને પ્રસિદ્ધ કરી શકતું નથી–અનુભવી શકતું નથી. પણ તે પર તરફનો ઝુકાવ છોડીને જ્ઞાનને આત્મસન્મુખ કરવું તે જ આત્માની પ્રસિદ્ધિની રીત છે, તે જ અનુભવનો ઉપાય છે.

'આ હું જ્ઞાનસ્વભાવ આત્મા છું–એવું જ્ઞાન ઇન્દ્રિય કે મન તરફની બુદ્ધિવડે થતું નથી, ઈંદ્રિય કે મન તરફની બુદ્ધિવડે તો પરનું જ્ઞાન થાય છે. બધા વિકલ્પોથી પાર થઈને આત્મસ્વભાવ તરફ જ્ઞાનનો ઝૂકાવ (આત્મસન્મુખતા) તે જ સમ્યક્પણે આત્માને દેખવાની અને અનુભવવાની રીત છે. તેમાં સ્વસંવેદન–પ્રત્યક્ષપણે આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન થાય છે.

### સમ્યગ્દર્શન થતાં આત્મા સમસ્ત વિશ્વ ઉપર તરે છે;–તરે છે એટલે શું?

તરે છે એટલે જુદો રહે છે; જેમ પાણીમાં તરતો માણસ પાણીમાં ડુબતો નથી પણ ઉપર રહે છે. તેમ જ્ઞાનસ્વભાવરૂપે પોતાને અનુભવતો આત્મા, વિકલ્પોમાં ડુબતો નથી, વિકલ્પોમાં એકાકાર થતો નથી, પણ તેના ઉપર તરે છે એટલે કે તેનાથી ભિન્નપણે જ પોતાને અનુભવે છે. તેમાં આત્માની કોઈ અચિંત્ય પરમ ગંભીરતા અનુભવાય છે.

### સમ્યક્ત્વના પ્રયત્નની શરૂઆત કેવી છે?

અપૂર્વ છે, પૂર્ણતાના લક્ષે તે શરૂઆત છે. 'જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય' એટલે પૂર્ણતાનું લક્ષ; આ અપૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.

સ્વભાવના નિર્ણયના કાળે 'જ્ઞાનનું' અવલંબન છે, વિકલ્પ હોવા છતાં તેનું અવલંબન નથી. વિકલ્પ વડે સાચો નિર્ણય નથી થતો, જ્ઞાનવડે જ નિર્ણય થાય છે. જ્ઞાન પોતે જ્ઞાનરૂપ થાય ને વિકલ્પરૂપ ન થાય એટલે કે આત્મસન્મુખ થાય તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની રીત છે. જ્ઞાન પોતે જ્ઞાનરૂપ થઈને આત્માનો અનુભવ કરે છે.

પ્રવચનમાં અત્યંત મહિમાપૂર્વક પૂ. શ્રી કાનજીસ્વામી કહે છે કે– અહા! અનુભવદશાનું અચિંત્યસ્વરૂપ આચાર્યદેવે સમજાવ્યું છે. આવા અનુભવમાં આનંદપરિણતિ ખીલે છે. સ્વાનુભવમાં જ્ઞાન પણ અતીન્દ્રિય છે ને આનંદ પણ અતીન્દ્રિય છે.

**હે જીવો! આત્મસન્મુખ થઈને તમે આવો અનુભવ કરો.**

(આ ગાથાના બીજા પ્રવચન માટે જુઓ પાનું–૧૩)

- હું જ્ઞાનસ્વભાવ છું–એવો જે ખરો નિર્ણય છે તેની સંધિ જ્ઞાનસ્વભાવ સાથે છે, વિકલ્પ સાથે તેની સંધિ નથી.
- જ્ઞાન અને વિકલ્પ બંને નિર્ણયકાળમાં હોવા છતાં, તેમાંથી જ્ઞાનસ્વભાવ સાથે સંધિનું કામ જ્ઞાને કર્યું છે, વિકલ્પે નહિ.
- જ્ઞાનસ્વભાવ સાથે સંધિ કરીને, તેના લક્ષે ઉપડેલી જ્ઞાનધારા જ્ઞાનના અનુભવ સુધી પહોંચી જશે.
- જ્ઞાનસ્વભાવ સાથે સંધિ કરવાની વિકલ્પમાં તાકાત નથી. જ્ઞાને સ્વભાવનો 'ટચ' કર્યો ત્યારે સાચો નિર્ણય થયો.
- જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં, વિકલ્પથી જ્ઞાન અધિક થયેલું છે, જ્ઞાન અને વિકલ્પ વચ્ચે વિજળી પડી ચુકી છે, બંને વચ્ચે તિરાડ પડી ગઈ છે, તે સાંધ હવે ભેગી ન થાય.

આવા આત્મનિર્ણયના બળે સમ્યક્ત્વ પમાય છે.

# વીતરાગવિજ્ઞાન-પ્રશ્નોત્તરી

**વીતરાગવિજ્ઞાન ભાગ ૧ એટલે કે છહ્‌ઢાળાનાં પ્રથમ અધ્યાયનાં પ્રવચનો, તેમાંથી દોહન કરીને ૨૦૦ પ્રશ્ન-ઉત્તર આત્મધર્મ અંક ૩૦૪ તથા ૩૦૫ માં આપ્યા હતા. ટૂંકી ભાષામાં ને સુગમ શૈલીમાં આ પ્રશ્નોત્તર સૌને ગમ્યા છે. તે જ પ્રમાણે વિતરાગવિજ્ઞાનના બીજા ભાગમાંથી પણ ૨૪૦ પ્રશ્નોત્તર અહીં આપવામાં આવે છે.**

૨૦૧. જીવને ઇષ્ટ શું છે?

દુઃખથી છૂટવું ને સુખી થવું તે.

૨૦૨. જીવને દુઃખનું કારણ શું છે?

મિથ્યાશ્રદ્ધા–મિથ્યાજ્ઞાન–મિથ્યાચારિત્ર તે દુઃખનું કારણ છે.

૨૦૩. સંસારની કઈ ગતિમાં દુઃખ છે?

સંસારની ચારેય ગતિમાં દુઃખ છે.

૨૦૪. નરકમાં છેદન–ભેદન, ઠંડી–ગરમીનું દુઃખ છે–એ ખરું?

ના, એ સંયોગની વાત છે; ખરું દુઃખ જીવના મિથ્યાત્વાદિ ભાવોનું છે.

૨૦૫. આ જગતમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ કઈ છે? વીતરાગ–વિજ્ઞાન.

૨૦૬. વીતરાગવિજ્ઞાન ન હોય તો શું થાય? તો જીવ દુઃખી થાય.

૨૦૭ જીવને દુઃખ દેનાર મોટો શત્રુ કોણ? મિથ્યાત્વ તે મહાદુઃખ દેનાર શત્રુ છે.

૨૦૮. તેનાથી બચવા માટે ઢાલ કઈ?

વીતરાગવિજ્ઞાન તે મિથ્યાત્વશત્રુથી બચવા માટેની મજબુત ઢાળ છે.

૨૦૯. દુઃખથી બચવા શું કરવું?

તેના કારણરૂપ મિથ્યાત્વાદિને ઓળખીને તેનું સેવન છોડવું.

૨૧૦. નિગોદથી નવમી ગ્રૈવેયક સુધી અજ્ઞાનીએ શું કર્યું?

ચારે ગતિના અવતારમાં દુઃખ ભોગવ્યાં.

૨૧૧. નરકમાં તો જીવ દુઃખી થયો, પણ સ્વર્ગમાં?

–ત્યાં પણ અજ્ઞાનથી તે દુઃખી જ થયો.

૨૧૨. સુખ ક્યાં છે?

જ્યાં જ્યાં સમ્યક્‌ત્વાદિ છે ત્યાં જ સુખ છે.

૨૧૩. દુઃખ ક્યાં છે?

જ્યાં જ્યાં મિથ્યાત્વાદિ છે ત્યાં દુઃખ જ છે.

૨૧૪. નરકમાં દુઃખનું કારણ શું છે?

ત્યાં પણ જીવના મિથ્યાત્વાદિ ભાવો જ દુઃખનું કારણ છે.

૨૧૫. સ્વર્ગમાં દુઃખનું કારણ શું છે?

ત્યાં પણ જીવના મિથ્યાત્વાદિ ભાવો જ દુઃખનું કારણ છે.

૨૧૬. નિગોદમાં જીવ કેમ રહે છે?

એના ભાવકલંકની અત્યંત પ્રચુરતાને લીધે.

૨૧૭. જડકર્મો જીવને દુઃખ આપે છે?

ના; એ તો દુઃખમાં માત્ર નિમિત્ત છે; ખરૂં દુઃખ જીવના પોતાના ઊંધા ભાવનું છે. કર્મ તો જડ છે, જીવથી ભિન્ન છે. ભિન્ન વસ્તુ સુખ–દુઃખ આપે નહીં.

૨૧૮. કર્મ કઈ રીતે બંધાયું?

જીવના ઊંધા ભાવઅનુસાર.

૨૧૯. કર્મ અને સંસારભ્રમણ કેમ છૂટે?

જીવ પોતાનો ઊંધો ભાવ છોડીને સમ્યક્ત્વાદિ કરે તો કર્મ છૂટે ને સંસારભ્રમણ મટે.

૨૨૦. આચાર્યભગવાન અને સંતો શેનો ઉપદેશ દે છે?

તેઓ વારંવાર કહે છે કે રે જીવ! મિથ્યાત્વને વશ તેં ઘણાં ઘણાં દુઃખો ભોગવ્યા, માટે હવે તો તે મિથ્યાત્વાદિને છોડ....છોડ!

૨૨૧. સંસારમાં રખડતાં જીવે કોઈવાર દયા પાળી હશે?

હા, દયાના શુભભાવ તેણે અનંતવાર કર્યા.

૨૨૨. દયા કરવાથી શું થયું?

પુણ્યને લીધે તે સ્વર્ગમાં ગયો, પરંતુ ત્યાં પણ અજ્ઞાનથી તે દુઃખી જ થયો.

૨૨૩. સંસારમાં રખડતા જીવે શું ન કર્યું?

શુભ–અશુભ બંનેથી પાર પોતાનું સ્વરૂપ ન જાણ્યું.

૨૨૪. મિથ્યાત્વ એટલે શું?

આત્માને ભૂલીને, દેહમાં ને રાગમાં એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ છે.

૨૨૫. આવા મિથ્યાત્વનું સ્વરૂપ સમજીને શું કરવું?

તેને છોડવું ને સમ્યક્ત્વ કરવું.

૨૨૬. સંયોગ દુઃખનું કારણ છે કે સંયોગીબુદ્ધિ?

સંયોગીબુદ્ધિ દુઃખનું કારણ છે, સંયોગ નહિ.

૨૨૭. જીવે ચાર ગતિમાં સૌથી ઓછા ભવ શેમાં કર્યા?

મનુષ્યગતિમાં.

૨૨૮. મનુષ્યગતિમાં કેટલા ભવ કર્યા? અનંત.

૨૨૯. આ જીવ કદી દેવપદ પામ્યો હશે?

હા, અનંતવાર સ્વર્ગનો દેવ થયો.

૨૩૦. આ જીવ પૂર્વે કદી શું નથી પામ્યો?

સિદ્ધપદ.

૨૩૧ સંસારનો ઝાઝો કાળ જીવે શેમાં ગાળ્યો?

એકેન્દ્રિયપણાના મહા દુઃખોમાં.

૨૩૨. એકેન્દ્રિયપણામાં મહા દુઃખ કેમ હતું?

મોહની તીવ્રતા ને ચેતનાની અત્યંત હીનતાને લીધે.

૨૩૩. હવે આ ઉત્તમ મનુષ્ય–અવસરમાં શું કરવું?

મિથ્યા ભાવોને છોડીને સમ્યક્ત્વને ભજો.

૨૩૪. રાગ–અશુભ હો કે શુભ, તે બંને કેવા છે?

બંનેમાં દુઃખ છે; ને બંને સંસારનું કારણ છે.

૨૩૫. શુભરાગથી શું મળે? –ને શું ન મળે? શુભરાગથી સ્વર્ગ મળે, પણ આત્મા ન મળે.

૨૩૬. શુભરાગથી સમ્યગ્દર્શનાદિ કોઈ ગુણ મળે?

–ના. રાગ તે દોષ છે, તેનાથી ગુણ ન મળે.

૨૩૭. શુભરાગ તે ગુણ છે કે દોષ?

૨૩૮. શુભરાગ તે મોક્ષસુખનું કારણ થાય? ના; રાગ પોતે જ દુઃખ છે, તે સુખનું કારણ ન થાય.

૨૩૯. અજ્ઞાની શુભરાગને કેવો સમજે છે? અજ્ઞાનથી તે તેને સુખનું ને મોક્ષનું કારણ સમજે છે.

૨૪૦. સુખ શું? –દુઃખ શું?

વીતરાગવિજ્ઞાન તે સુખ; રાગદ્વેષ અજ્ઞાન તે દુઃખ.

૨૪૧. આ જાણીને શું કરવું?

દુઃખનાં કારણોથી દૂર થા; સુખનાં કારણને સેવ.

૨૪૨. સંસારનું મૂળ શું છે?

હું જ્ઞાન છું–એ ભૂલીને, હું રાગ ને હું શરીર એવી મિથ્યાબુદ્ધિ તે સંસારનું મૂળ છે.

૨૪૩. મિથ્યાત્વ સહિતનાં જ્ઞાન ને ચારિત્ર કેવાં છે?

તે મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર છે.

૨૪૪. આસ્રવ શું છે?

મિથ્યાત્વાદિ ભાવો તે આસ્રવ છે.

૨૪૫. તે આસ્રવો કેવાં છે?

તે જ્ઞાનથી વિરુદ્ધસ્વભાવવાળાં છે.

૨૪૬. જીવ કેવો છે? શરીર કેવું છે?

જીવ જ્ઞાનસ્વરૂપ છે; શરીર જડ છે.

૨૪૭. શરીરાદિ અજીવનું કામ જીવનું માને તો?

તો તેણે જીવ અને અજીવને જુદા જાણ્યા નથી.

૨૪૮. શુભભાવને ધર્મ માને તો?

તો તેણે જ્ઞાનને અને આસ્રવને જુદા જાણ્યા નથી.

૨૪૯. વાણી તે કોની ક્રિયા છે?

તે અજીવની ક્રિયા છે, જીવની નહીં.

૨૫૦. જીવને કર્મો દુઃખી કરે છે? કે તે ઊંધા ભાવથી દુઃખી છે?

જીવ પોતાના ઊંધા ભાવથી દુઃખી છે.

૨૫૧. સુખ–દુઃખ કોનામાં છે?

જીવમાં છે; જડમાં સુખ–દુઃખ નથી.

(અનુસંધાન પૃષ્ટ ૩૬ ૫૨)

# આ રીતે સમ્યગ્દર્શન થાય છે.

**સમ્યગ્દર્શન માટે ઉદ્યમ કરનાર મુમુક્ષુ જીવ પ્રથમ તો જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરીને..... પછી તેની પ્રગટ પ્રસિદ્ધિ એટલે કે સાક્ષાત્ અનુભવ કઈ રીતે કરે છે, તે સમજાવીને આચાર્યદેવે સમ્યગ્દર્શન કરાવ્યું છે.**

卐

(સમયસાર ગા. ૧૪૪ના પ્રવચનમાંથી)

જે જીવ જિજ્ઞાસુ થઈને સ્વભાવ સમજવા આવ્યો છે તે સુખ લેવા આવ્યો છે અને દુઃખ ટાળવા આવ્યો છે. સુખ પોતાનો સ્વભાવ છે, અને જે દુઃખ છે તે ક્ષણિક વિકૃતિ છે તેથી તે ટળી શકે છે. વર્તમાન દુઃખઅવસ્થા ટાળીને સુખરૂપ અવસ્થા પોતે પ્રગટ કરી શકે છે; આટલું તો, જે સત્ સમજવા આવ્યો તેણે સ્વીકારી જ લીધું છે. આત્માએ પોતાના ભાવમાં જ્ઞાનનો પુરુષાર્થ કરીને વિકારરહિત જ્ઞાનસ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ. વર્તમાન વિકાર હોવા છતાં વિકારરહિત સ્વભાવની શ્રદ્ધા કરી શકાય છે, એટલે કે આ વિકાર અને દુઃખથી રહિત મારું સ્વરૂપ સુખમય છે એમ નક્કી કરીને સુખનો અનુભવ થઈ શકે છે.

## ❁ પાત્ર જીવનું લક્ષણ ❁

જિજ્ઞાસુ જીવોને સ્વરૂપ પ્રગટ કરવા માટે પહેલી જ સત્સમાગમરૂપ જ્ઞાનક્રિયા શાસ્ત્રોએ બતાવી છે, એટલે શ્રુતજ્ઞાનથી આત્માનો નિર્ણય કરવાનું કહ્યું છે. કુદેવ–કુગુરુ અને કુશાસ્ત્ર તરફનો આદર અને તે તરફનું વલણ તો જિજ્ઞાસુને છૂટી જ જાય, તથા વિષયાદિ પરવસ્તુમાં સુખબુદ્ધિ ટળી જાય; બધા તરફથી રુચિ ટળીને પોતાની તરફ રુચિ વળે અને દેવ–ગુરુ–શાસ્ત્રને યથાર્થપણે ઓળખી તેમનો આદર કરે, અને તેમણે બતાવેલ જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે, –આ બધું ‘સ્વભાવના લક્ષે’ થયેલ હોય તો તે જીવને પાત્રતા થઈ કહેવાય. આટલી પાત્રતા તે હજી સાક્ષાત્ સમ્યગ્દર્શન નથી, સમ્યગ્દર્શન તો ચૈતન્યસ્વભાવમાં ઉપયોગ વાળીને નિર્વિકલ્પ પ્રતીત કરવી તે છે. આવું સમ્યગ્દર્શન પ્રગટ કરવા પાત્ર જીવે શું કરવું તો આ સમયસારજીમાં સ્પષ્ટ બતાવ્યું છે.

## ❁ સમ્યગ્દર્શન માટે સમયસારમાં બતાવેલી ક્રિયા એટલે જ્ઞાનક્રિયા ❁

પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઇન્દ્રિયોદ્વારા અને મનદ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ–તેમને મર્યાદામાં લાવીને મતિજ્ઞાનતત્ત્વને આત્મસન્મુખ કરવું, તથા અનેક પ્રકારના પક્ષોના આલંબનથી થતા વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને શ્રુતજ્ઞાનતત્ત્વને પણ આત્મસન્મુખ કરવું; આ રીતે જીવ જ્યારે જ્ઞાનને વિકલ્પથી ભિન્ન કરીને આત્મસન્મુખ કરે છે તે જ વખતે તે અત્યંત વિકલ્પરહિત થઈને, તત્કાળ....પરમાત્મારૂપ સમયસારને અનુભવે છે, અને તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે. ( અર્થાત્ શ્રદ્ધાય છે ) તથા જણાય છે. –તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. ( સમયસાર ગાથા–૧૪૪ ટીકા ) તેનું આ સ્પષ્ટીકરણ થાય છે.

## ❁ શ્રુતજ્ઞાન કોને કહેવું ? શ્રુતનું લક્ષણ અનેકાન્ત ❁

“પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો” – આમ કહ્યું છે. શ્રુતજ્ઞાન કોને કહેવું ? સર્વજ્ઞ ભગવાને કહેલું શ્રુતજ્ઞાન અસ્તિ–નાસ્તિદ્વારા વસ્તુસ્વરૂપને સિદ્ધ કરે છે, ‘અનેકાન્તસ્વરૂપ વસ્તુ સ્વપણે છે અને પરપણે નથી’ એમ જે વસ્તુને સ્વતંત્ર સિદ્ધ કરે છે તે શ્રુતજ્ઞાન છે.

એક વસ્તુ પોતાપણે છે અને તે વસ્તુ અનંત પર દ્રવ્યોથી છૂટી છે, આમ પરથી ભિન્નતા બતાવીને સ્વ તરફ વળવાનું બતાવે છે–તે શ્રુતજ્ઞાનનું લક્ષણ છે. વસ્તુ સ્વપણે છે અને પરપણે નથી–એમ કહીને શ્રુતજ્ઞાને વસ્તુની પરિપૂર્ણતા સિદ્ધ કરી છે, ને સ્વાશ્રય કરવાનું બતાવ્યું છે. શ્રુતજ્ઞાને બતાવેલું આવું સ્વરૂપ સમજીને જ્ઞાનસ્વભાવનો નિશ્ચય કરવો જોઈએ.

જ્ઞાનસ્વભાવી મારો આત્મા અનંત પરવસ્તુથી જુદો છે એમ સિદ્ધ થતાં પોતાના દ્રવ્ય–પર્યાયમાં જોવાનું આવ્યું. મારું ત્રિકાળી દ્રવ્ય તે એક સમયના વિકાર જેટલું નથી, એટલે કે વિકાર ક્ષણિક પર્યાયપણે છે પરંતુ ત્રિકાળી સ્વરૂપપણે વિકાર નથી–આમ વિકારરહિત જ્ઞાનસ્વભાવની સિદ્ધિ પણ અનેકાંતવડે જ થાય છે. ભગવાનના કહેલાં સત્શાસ્ત્રોની મહત્તા અનેકાંતથી જ છે, તે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરાવે છે. સર્વજ્ઞભગવાને પણ પોતાનું કાર્ય પુરેપૂરું કર્યું અને બીજાનું કાંઈ કર્યું નહિ કેમકે એ તત્ત્વ પોતાપણે છે અને પરપણે નથી તેથી તે કોઈ બીજાનું કાંઈ કરી

શકે નહિ. દરેક દ્રવ્ય જુદા જુદા સ્વતંત્ર છે, કોઈ કોઈનું કાંઈ કરી શકે નહિ–આમ જાણવું તે જ ભગવાનના શાસ્ત્રની ઓળખાણ છે, તે જ શ્રુતજ્ઞાન છે. આ તો હજી સ્વરૂપને સમજનારની પાત્રતા કહેવાય છે.

જૈનધર્મ એટલે કે આત્માનો વીતરાગસ્વભાવ, તેની પ્રભાવના ધર્મી જીવો કરે છે. આત્માને જાણ્યા વગર આત્માના સ્વભાવની વૃદ્ધિરૂપ પ્રભાવના કેવી રીતે થાય? પ્રભાવના કરવાનો વિકલ્પ ઊઠે તે પણ પરના કારણે નથી. બીજા માટે કાંઈ પણ પોતામાં થાય એમ કહેવું તે જૈનશાસનની મર્યાદામાં નથી. જૈનશાસન તો વસ્તુને સ્વતંત્ર સ્વાધીન પરિપૂર્ણ સ્થાપે છે.

આત્માના સ્વભાવને ઓળખીને કષાયભાવથી પોતાના આત્માને બચાવવો–તે કરવાનું ભગવાને કહ્યું છે; તે જ ખરી દયા છે. જીવ પોતાના આત્માનો નિર્ણય કર્યા વગર શું કરશે? ભગવાનના શ્રુતજ્ઞાનમાં તો એમ કહ્યું છે કે–તું–તારાથી પરિપૂર્ણ વસ્તુ છો. દરેક તત્ત્વો પોતાથી જ સ્વતંત્ર છે, કોઈ તત્ત્વને બીજા તત્ત્વોનો આશ્રય નથી. –આ પ્રમાણે વસ્તુના સ્વરૂપને છૂટું સમજીને સ્વાશ્રયે વીતરાગભાવ પ્રકટ કરવો તે અહિંસા છે; અને એકબીજાનું કરી શકે એમ વસ્તુને પરાધીન માનીને કર્તૃત્વબુદ્ધિ ને રાગ–દ્વેષ કરવા તે હિંસા છે.

## આનંદ પ્રગટાવવાની ભાવનાવાળો શું કરે?

જગતમાં જીવોને સુખ જોઈએ છે; સુખ કહો કે ધર્મ કહો. ધર્મ કરવો છે એટલે આત્મશાંતિ જોઈએ છે, આત્માની અવસ્થામાં દુઃખનો નાશ કરીને વીતરાગી આનંદ પ્રગટ કરવો છે. એ આનંદ એવો જોઈએ કે જે સ્વાધીન હોય; જેના માટે પરનું અવલંબન ન હોય. આવો આનંદ પ્રગટાવવાની જેને યથાર્થ ભાવના હોય તે જિજ્ઞાસુ કહેવાય. પોતાનો પૂર્ણાનંદ પ્રગટાવવાની ભાવનાવાળો જિજ્ઞાસુ પહેલાં એ જાુએ કે એવો પૂર્ણાનંદ કોને પ્રગટયો છે? ને કઈ રીતે પ્રગટયો છે. પોતાને હજી તેવો આનંદ પ્રગટ નથી, કેમકે જો પોતાને તેવો આનંદ પ્રગટ હોય તો પ્રગટાવવાની ભાવના ન હોય. એટલે પોતાને હજી તેવો આનંદ પ્રગટયો નથી, પણ પોતાને જેની ભાવના છે તેવો આનંદ બીજા કોઇકને છે, અને જેમને તે આનંદ પ્રગટયો છે તેમની પાસેથી પોતે તે આનંદ પ્રગટાવવાનો સાચો માર્ગ જાણવા ચાહે છે.–એટલે આમા સાચાં નિમિત્તોની ઓળખાણ અને પોતાની પાત્રતા, બંને આવી ગયા. આટલું કરે ત્યાં સુધી હજી જિજ્ઞાસુ છે.

પોતાની અવસ્થામાં અધર્મ–અશાંતિ છે તે ટાળીને ધર્મ–શાંતિ પ્રગટાવવી છે. તે શાંતિ પોતાને આધારે અને પરિપૂર્ણ જોઈએ છે. આવી જેને જિજ્ઞાસા થાય તે પ્રથમ એમ નક્કી કરે છે કે–હું એક આત્મા મારું પરિપૂર્ણ સુખ પ્રગટાવવા માગું છું, તો તેવું પરિપૂર્ણ સુખ કોઈને પ્રગટયું હોવું જોઈએ. જો પરિપૂર્ણ સુખ–આનંદ પ્રગટ ન હોય તો દુઃખી કહેવાય. જેને પરિપૂર્ણ અને સ્વાધીન આનંદ પ્રગટયો હોય તે જ સંપૂર્ણ સુખી છે; તેવા સર્વજ્ઞ છે. –આ રીતે જિજ્ઞાસુ પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞનો નિર્ણય કરે છે. પરનું કરવા મૂકવાની વાત તો છે જ નહિ; જ્યારે પરથી જરા છૂટો પડયો ત્યારે તો આત્માની જિજ્ઞાસા થઈ છે. આ તો પરથી ખસીને હવે જેને પોતાનું હિત કરવાની ઝંખના જાગી છે એવા જિજ્ઞાસુ જીવની વાત છે. પરદ્રવ્ય પ્રત્યેની સુખબુદ્ધિ અને રુચિ ટાળીને સ્વભાવની રુચિ કરી તે પાત્રતા છે.

દુઃખનું મૂળ ભૂલ છે. જેણે પોતાની ભૂલથી ઉત્પન્ન કર્યું છે તે પોતાની ભૂલ ટાળે તો તેનું દુઃખ ટળે.....બીજા કોઈએ ભૂલ કરાવી નથી તેથી બીજો કોઈ પોતાનું દુઃખ ટાળવા સમર્થ નથી. પોતાની ભૂલ ટાળવા માટે એકલે કે સમ્યગ્દર્શન કરવા માટે પાત્ર જીવે પહેલાં શું કરવું ? તે કહે છે.

## ❀ શ્રુતજ્ઞાનનું અવલંબન-એ જ પહેલી ક્રિયા ❀

જે આત્મકલ્યાણ કરવા તૈયાર થયો છે એવા જિજ્ઞાસુએ ઉદ્યમવડે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો. આત્મકલ્યાણ એની મેળે થઈ જતું નથી પણ પોતાના જ્ઞાનમાં રુચિ અને પુરુષાર્થથી આત્મકલ્યાણ થાય છે. પોતાનું કલ્યાણ કરવા માટે, જેઓને પૂર્ણ કલ્યાણ પ્રગટયું છે તે કોણ છે, તેઓ શું કહે છે, તેઓએ પ્રથમ શું કર્યું હતું– એનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરવો પડશે; એટલે કે સર્વજ્ઞનું સ્વરૂપ જાણીને તેમના કહેલા શ્રુતજ્ઞાનના અવલંબનથી પોતાના આત્માનો નિર્ણય કરવો જોઈએ; એ પ્રથમ કર્તવ્ય છે. કોઈ પરના અવલંબનથી ધર્મ પ્રગટતો નથી; છતાં જ્યારે પોતે પોતાના પુરુષાર્થથી સમજે છે ત્યારે તેમાં નિમિત્ત તરીકે સત્દેવગુરુ જ હોય છે.

આ રીતે પહેલો જ નિર્ણય એ આવ્યો કે કોઈ પૂર્ણ પુરુષ સંપૂર્ણ સુખી છે. અને સંપૂર્ણ જ્ઞાતા છે; તે જ પુરુષ પૂર્ણ સુખનો સત્ય માર્ગ કહી શકે છે; પોતે તે સમજીને પોતાનું પૂર્ણ સુખ પ્રગટ કરી શકે છે અને પોતે સમજે ત્યારે સાચા દેવ–ગુરુ–શાસ્ત્રો જ નિમિત્તરૂપ હોય છે. જેને સ્ત્રી, પુત્ર, પૈસા, વગેરેની એટલે કે સંસારના નિમિત્તો તરફની તીવ્ર પ્રીતિ હોય ને ધર્મનાં નિમિત્તો દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યેની પ્રીતિ

ન હોય તેને શ્રુતજ્ઞાનનું અવલંબન પ્રગટશે નહિ; અને શ્રુતજ્ઞાનના અવલંબન વગર આત્માનો નિર્ણય થાય નહિ. એટલે જે વિષયોમાં સુખ માને કે કુદેવાદિને માને તેને આત્મનિર્ણય હોય જ નહિ.

યથાર્થ ધર્મ કેમ થાય તે માટે જિજ્ઞાસુ જીવ પ્રથમ પૂર્ણ જ્ઞાની એવા ભગવાન, સાધક સંત ગુરુ, અને તેમનાં કહેલાં શાસ્ત્રોના અવલંબનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવાનો ઉદ્યમી થાય. ને પછી જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને અંતર્મુખ થઈ સાક્ષાત્ અનુભવ કરે; –આ ધર્મની કળા છે. ધર્મની કળા જ જગત સમજ્યું નથી. જો ધર્મની એક કળા પણ શીખે તો તેનો મોક્ષ થયા વગર રહે નહિ.

જિજ્ઞાસુ જીવ પહેલાં સુદેવાદિનો અને કુદેવાદિનો નિર્ણય કરીને કુદેવાદિને છોડે છે, અને સત્દેવ ગુરુની એવી લગની છે કે સત્પુરુષો કેવો આત્મા કહે છે તે સમજવાનું જ લક્ષ છે, એટલે તીવ્ર અશુભથી તો હઠી જ ગયો છે. જો સાંસારિક રુચિથી પાછો નહિ હઠે તો વીતરાગી શ્રુતના અવલંબનમાં ટકી શકશે નહિ.

## ધર્મ ક્યાં છે અને કેમ થાય ?

ઘણા જિજ્ઞાસુઓને પ્રશ્ન ઊઠે છે કે ધર્મ માટે પ્રથમ શું કરવું ? તેના જવાબમાં જ્ઞાની કહે છે કે તારા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર. બહારમાં ક્યાંય આત્માનો ધર્મ નથી. ધર્મ તો પોતાનો સ્વભાવ છે. ધર્મ પરાધીન નથી. કોઈના અવલંબને ધર્મ થતો નથી, ધર્મ કોઈનો આપ્યો અપાતો નથી, પણ પોતાની ઓળખાણથી જ ધર્મ થાય છે. જેને પોતાનો પૂર્ણાનંદ જોઈએ છે તેણે પૂર્ણ આનંદનું સ્વરૂપ શું છે, તે નક્કી કરવું જોઈએ. જે આનંદ હું ઈચ્છું છું તે પૂર્ણ અબાધિત ઈચ્છું છું, એટલે કોઈ આત્માઓ તેવી પૂર્ણાનંદદશા પામ્યા છે અને તેઓને પૂર્ણાનંદદશામાં જ્ઞાન પણ પૂર્ણ જ છે; આ રીતે જેમને પૂર્ણાનંદ પ્રગટયો છે એવા સર્વજ્ઞ ભગવાન છે તેમનો, અને તેઓ શું કહે છે તેનો જિજ્ઞાસુએ નિર્ણય કરવો જોઈએ. તેથી જ કહ્યું છે કે પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનવડે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો. આમાં ઉપાદાન–નિમિત્તની સંધિ રહેલી છે. જ્ઞાની કોણ છે, સત્ વાત કોણ કહે છે,–એ બધું નક્કી કરવા માટે નિવૃત્તિ લેવી જોઈએ. જીવને જો સ્ત્રી–કુટુંબ–લક્ષ્મીનો પ્રેમ અને સંસારની રુચિમાં ઓછપ નહિ થાય તો તે સત્સમાગમ માટે નિવૃત્તિ લઈ શકશે નહિ. શ્રુતનું અવલંબન લેવાનું કહ્યું ત્યાં જ અશુભભાવનો તો ત્યાગ આવી ગયો. અને સાચા નિમિત્તોની ઓળખાણ કરવાનું પણ આવી ગયું.

## ❁ સુખનો ઉપાય-જ્ઞાન અને સત્સમાગમ ❁

હે જીવ ! તારે સુખ જોઈએ છે ને ? જો તારે સુખ જોઈતું હોય તો તું પહેલાં સુખ ક્યાં છે અને કેમ પ્રગટે તેનો નિર્ણય કર, જ્ઞાન કર. સુખ ક્યાં છે અને કેમ પ્રગટે તેના જ્ઞાન વગર તપ કરીને સુકાઈ જાય તોપણ સુખ ન મળે, ધર્મ ન થાય. સર્વજ્ઞ ભગવાને કહેલા શ્રુતજ્ઞાનના અવલંબનવડે એ નિર્ણય થાય છે. અને તે નિર્ણય કરવો એ જ પ્રથમ ધર્મ છે. જેને ધર્મ કરવો હોય તે ધર્મીને ઓળખે, અને તેઓ શું કહે છે તેનો નિર્ણય કરવા માટે સત્સમાગમ કરે. સત્સમાગમે જેને શ્રુતજ્ઞાનનું અવલંબન થયું કે અહો ! પરિપૂર્ણ આત્મવસ્તુ, આ જ ઉત્કૃષ્ટ મહિમાવંત છે, મારા આવા પરમસ્વરૂપને મેં અનંતકાળમાં સાંભળ્યું પણ નથી, –આમ થતાં તેને સ્વરૂપની રુચિ જાગે અને સત્સમાગમનો રંગ લાગે, એટલે તેને કુદેવાદિ કે સંસાર પ્રત્યેનો રંગ ઊડી જાય, રાગનો રંગ પણ ઊડી જાય ને જ્ઞાનસ્વભાવ તરફ વલણ થાય.

જો જ્ઞાનસ્વભાવી વસ્તુનો મહિમા ઓળખે તો પ્રેમ જાગે અને તે તરફ પુરુષાર્થ વળે. આત્મા અનાદિથી સ્વભાવને ચૂકીને પરભાવરૂપી પરદેશમાં રખડે છે, સ્વરૂપથી બહાર સંસારમાં રખડતાં રખડતાં જીવને કોઈ મહા ભાગ્યે પરમ પિતા સર્વજ્ઞ પરમાત્મા અને પરમ હિતકારી ગુરુ ભેટયા, તેઓ પૂર્ણ હિત કેમ થાય તે સંભળાવે છે અને આત્માના સ્વરૂપની ઓળખાણ કરાવે છે. અહા, પોતાનું સ્વરૂપ સાંભળતાં કયા જિજ્ઞાસુને ઉલ્લાસ ન આવે ? આવે જ. આત્મસ્વભાવની વાત સાંભળતાં જિજ્ઞાસુ જીવોને મહિમા આવે જ.... અહો ! અનંતકાળથી આ અપૂર્વ જ્ઞાન ન થયું, સ્વરૂપની બહાર પરભાવમાં ભમીને અનંતકાળ દુઃખી થયો; આ અપૂર્વ જ્ઞાન પૂર્વે જો કર્યું હોત તો આ દુઃખ ન હોત...આમ સ્વરૂપની ઝંખના લાગે, રસ આવે, મહિમા જાગે અને એ મહિમાને યથાર્થપણે ઘૂંટતા સ્વરૂપનો નિર્ણય કરીને સ્વસન્મુખ થાય.

આ રીતે જેને ધર્મ કરીને સુખી થવું હોય તેણે પ્રથમ શ્રુતજ્ઞાનનું અવલંબન લઈને આત્માનો નિર્ણય કરવો. ભગવાને કહેલ શ્રુતજ્ઞાનરૂપી દોરીને દ્રઢપણે પકડીને તેના અવલંબનથી સ્વરૂપમાં પહોંચી જવાય છે. શ્રુતજ્ઞાનનું અવલંબન એટલે શું ? જેને સાચા શ્રુતજ્ઞાનનો જ રસ છે, અન્ય કુશ્રુતનો રસ નથી, સંસારની વાતોનો રસ ટળી ગયો છે, ને શ્રુતજ્ઞાનનો તીવ્ર રસ લાગ્યો છે; આ રીતે શ્રુતજ્ઞાનના અવલંબન વડે–જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવા જે તૈયાર થયો છે, તેને અલ્પકાળમાં આત્મભાન થશે. સંસારનો તીવ્ર લોહવાટ જેના હૃદયમાં ઘોળાતો હોય તેને તો આ

પરમ શાંત સ્વભાવની વાત સમજવાની પાત્રતા નહિ જાગે. અહીં જે ‘શ્રુતનું અવલંબન’ કહ્યું છે તે અવલંબન તો સ્વભાવના લક્ષે છે, પાછા ન ફરવાના પક્ષે છે. સમયસારજીમાં અપ્રતિહત શૈલીથી જ કથન છે. જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવા માટે જેણે શ્રુતનું અવલંબન ઉપાડયું તે આત્મસ્વભાવનો નિર્ણય અને અનુભવ કરે જ કરે, પાછો ન ફરે, એવી વાત જ સમયસારમાં લીધી છે.

સંસારની રુચિ ઘટાડીને આત્માનો નિર્ણય કરવાના લક્ષે જે અહીં સુધી આવ્યો તેને શ્રુતજ્ઞાનના અવલંબને નિર્ણય થવાનો જ; નિર્ણય ન થાય તેમ બને જ નહિ. શાહુકારના ચોપડે દિવાળાંની વાત જ ન હોય, તેમ અહીં દીર્ઘસંસારીની વાત જ નથી. અહીં તો અલ્પકાળે મોક્ષ જનાર જીવોની જ વાત છે. બધી વાતની હા જી હા ભણે અને એકેય વાતનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરે નહિ એવા ‘ધજાની પૂંછડી જેવા’ જીવોની વાત નથી લીધી. ટંકણખાર જેવી વાત છે. જે અનંતકાળના સંસારનો અંત લાવવા માટે પૂર્ણ સ્વભાવના લક્ષે શરૂઆત કરવા નીકળ્યો છે એવા જીવની શરૂઆત પાછી નહિ ફરે. –એવાની જ અહીં વાત છે. આ તો અપ્રતિહત માર્ગ છે. પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે. પૂર્ણતાના લક્ષે ઊપડેલી શરૂઆત પાછી ન ફરે......પૂર્ણતાના લક્ષે પૂર્ણતા થાય જ.

## ✿ જે તરફની રુચિ તે તરફનું ઘોલન ✿

આમાં એકને એક વાત ફેરવીને વારંવાર કહેવાય છે, તેથી રુચિવંત જીવને કંટાળો ન આવે. જેમ નાટકની રુચિવાળો નાટકમાં ‘વન્સમોર’ કરીને પણ પોતાની રુચિવાળી વસ્તુને વારંવાર જુએ છે; તેમ જે ભવ્યજીવોને આત્માની રુચિ થઈ અને આત્માનું હિત કરવા માટે નીકળ્યા તે વારંવાર રુચિપૂર્વક દરેક વખતે–ખાતાં, પીતાં, ચાલતાં, સૂતાં, બેસતાં, વિચારતાં, નિરંતર શ્રુતનું જ અવલંબન, સ્વભાવના લક્ષે કરે છે, તેમાં કોઈ કાળ કે ક્ષેત્રની મર્યાદા કરતા નથી. શ્રુતજ્ઞાનની રુચિ અને જિજ્ઞાસા એવી જામી છે કે ક્યારેય પણ તે ખસતી નથી. અમુક કાળ અવલંબન કરવું ને પછી મૂકી દેવું એમ નથી કહ્યું. પરંતુ શ્રુતજ્ઞાનના અવલંબન વડે આત્માનો નિર્ણય કરવાનું કહ્યું છે. જેને સાચા તત્ત્વની રુચિ થઈ છે તે બીજા સર્વ કામોની પ્રીતિને ગૌણ જ કરે છે, ને તેની પરિણતિને આત્મા તરફ વાળે છે.

પ્રશ્નઃ– ત્યારે શું સત્‌ની પ્રીતિ થાય એટલે ખાવા–પીવાનું અને ધંધા–વેપાર બધું છોડી દેવું ? શ્રુતજ્ઞાન સાંભળ્યા જ કરવું, પરંતુ સાંભળીને કરવું શું ?

**ઉત્તરઃ-** સત્‌ની પ્રીતિ થાય એટલે તરત જ ખાવાપીવાનો બધો રાગ છૂટી જ જાય એવો નિયમ નથી, પરંતુ તે તરફની રુચિ તો અવશ્ય ઘટે જ. પરમાંથી સુખબુદ્ધિ ઊડી જાય અને બધામાં એક આત્મા જ આગળ હોય; એટલે નિરંતર આત્માની જ ધગશ અને ઝંખના હોય. માત્ર 'શ્રુતજ્ઞાન સાંભળ્યા જ કરવું' એમ કહ્યું નથી. પરંતુ શ્રુતજ્ઞાન દ્વારા આત્માનો નિર્ણય કરવો; શ્રુતના અવલંબનની ધૂન ચડતાં, દેવ, ગુરુ, શાસ્ત્ર, ધર્મ, નિશ્ચય, વ્યવહાર, દ્રવ્ય, પર્યાય વગેરે બધાં પડખાં જાણીને એક જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો જોઈએ. આમાં ભગવાન કેવા, તેનાં શાસ્ત્રો કેવાં, અને તેઓ શું કહે છે, એ બધાનું અવલંબન એમ નિર્ણય કરાવે છે કે તું જ્ઞાન છો; આત્મા જ્ઞાનસ્વરૂપી જ છે, જ્ઞાન સિવાય બીજું કાંઈ તું કરી શકતો નથી.

દેવ–ગુરુ–શાસ્ત્ર કેવાં હોય અને તે દેવ–ગુરુ–શાસ્ત્રને ઓળખીને તેમનું અવલંબન લેનાર પોતે શું સમજ્યો હોય તે આમાં બતાવ્યું છે. હે જીવ! તું જ્ઞાનસ્વભાવી આત્મા છો, તારો સ્વભાવ જાણવાનો જ છે, કાંઈ પરનું કરવું કે પુણ્ય–પાપના ભાવ કરવા તે તારું સ્વરૂપ નથી, –આમ જે બતાવતા હોય તે સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર છે, અને આ પ્રમાણે જે સમજે તે જ દેવ–ગુરુ–શાસ્ત્રના કહેલા શ્રુતજ્ઞાનને સમજ્યો છે. પણ જે રાગથી ધર્મ મનાવતા હોય, શરીરની ક્રિયા આત્મા કરે એમ મનાવતા હોય, જડ કર્મ આત્માને હેરાન કરે એમ કહેતા હોય, તે કોઈ દેવ–ગુરુ–શાસ્ત્ર સાચાં નથી, કેમકે તેઓ સાચા વસ્તુસ્વરૂપના જાણકાર નથી અને સત્યથી ઊલટું સ્વરૂપ બતાવે છે.

## ❁ શ્રુતજ્ઞાનના અવલંબનનું ફળ-આત્મઅનુભવ ❁

'હું આત્મા તો જ્ઞાયક છું, પુણ્ય–પાપની વૃત્તિઓ મારું જ્ઞેય છે, તે મારા જ્ઞાનથી જુદી છે' આમ પહેલાં વિચાર દ્વારા યથાર્થ નિર્ણય જિજ્ઞાસુ જીવ કરે છે; હજી જ્ઞાનસ્વભાવનો અનુભવ થયો નથી ત્યાર પહેલાંની આ વાત છે. જેણે સ્વભાવના લક્ષે શ્રુતનું અવલંબન લીધું છે તે અલ્પકાળમાં આત્મઅનુભવ કરશે જ. પ્રથમ વિચારમાં એમ નક્કી કર્યું કે પરથી તો હું જુદો, પુણ્ય–પાપ પણ મારું સ્વરૂપ નહિ, મારા શુદ્ધ સ્વભાવ સિવાય દેવ–ગુરુ–શાસ્ત્રનું પણ અવલંબન પરમાર્થે નહિ, હું તો સ્વાધીન જ્ઞાનસ્વભાવી છું;–આમ જેણે નિર્ણય કર્યો તેને જ્ઞાનસ્વભાવી આત્માનો અનુભવ થયા વગર રહેશે જ નહિ. અહીં શરૂઆત જ એવી જોરદાર ઉપાડી છે કે પાછા પડવાની વાત જ નથી.

'પુણ્ય–પાપ મારું સ્વરૂપ નથી, હું જ્ઞાયક છું' આવી જેણે નિર્ણય દ્વારા હા પાડી તેનું પરિણમન પુણ્ય–પાપ તરફથી પાછું ખસીને જ્ઞાયકસ્વભાવ તરફ ઢળશે. 'હું જ્ઞાનસ્વભાવ છું' એમ જેણે આત્માનો નિર્ણય કર્યો તેને પુણ્ય–પાપનો આદર ન રહ્યો. તેથી તે અલ્પકાળમાં પુણ્યપાપ–રહિત જ્ઞાનસ્વભાવનો અનુભવ કરીને અને તેમાં સ્થિરતા કરીને વીતરાગ થઈ પૂર્ણ પરમાત્મા થઈ જશે. પૂર્ણની જ વાત છે, શરૂઆત થઈ છે તે પૂર્ણતાને લક્ષમાં લઈને જ થઈ છે. સંભળાવનાર અને સાંભળનાર બંનેને પૂર્ણતાનું જ ધ્યેય છે. જેઓ પૂર્ણ સ્વભાવ બતાવે છે–એવા દેવ–ગુરુ–શાસ્ત્ર તો પવિત્ર જ છે, ને તે સ્વભાવની જેણે હા પાડી તેનું પણ પરિણમન પવિત્રતા તરફ વળ્યું છે. પૂર્ણની હા પાડી તે પૂર્ણ થશે જ. આ રીતે ઉપાદાન–નિમિત્તની સંધિ છે.

## સમ્યગ્દર્શન થયા પહેલાં

આત્માનો આનંદ પ્રગટ કરવા માટેની પાત્રતાનું સ્વરૂપ કહેવાય છે. હે ભાઈ! તારે ધર્મ કરવો છે ને! તો તું તને ઓળખ. પહેલાં સાચો નિર્ણય કરવાની વાત છે. અરે, તું છો કોણ? શું ક્ષણિક પુણ્ય–પાપનો કરનાર તે જ તું છો? ના ના; તું તો જ્ઞાન કરનાર જ્ઞાનસ્વભાવી છો. પરને ગ્રહનાર કે છોડનાર તું નથી, જાણનાર જ તું છો. આવો નિર્ણય તે જ ધર્મની પહેલી શરૂઆતનો (સમ્યગ્દર્શનનો) ઉપાય છે. શરૂઆતમાં એટલે કે સમ્યગ્દર્શન પહેલાં આવો નિર્ણય ન કરે તો તે પાત્રતામાં પણ નથી. મારો સહજ સ્વભાવ જાણવાનો છે–આવો શ્રુતના અવલંબને જે નિર્ણય કરે છે તે પાત્ર જીવ છે. જેને પાત્રતા પ્રગટી તે આગળ વધીને અનુભવ કરશે જ. સમ્યગ્દર્શન કરવા માટે પહેલાં જિજ્ઞાસુ જીવ, ધર્મસન્મુખ થયેલો જીવ, સત્સમાગમે આવેલો જીવ શ્રુતજ્ઞાનના અવલંબને જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરે છે.

હું જ્ઞાનસ્વભાવી જાણનાર છું, જ્ઞેયમાં ક્યાંય રાગ–દ્વેષ કરીને અટકે તેવો મારો જ્ઞાનસ્વભાવ નથી. પર ગમે તેમ હો, હું તો તેનો માત્ર જાણનાર છું, મારો જાણનારસ્વભાવ પરનું કાંઈ કરનાર નથી. હું જેમ જ્ઞાનસ્વભાવી છું તેમ જગતના બધા આત્માઓ જ્ઞાનસ્વભાવી છે; જેઓ પોતે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય ચૂકયા છે તેઓ દુઃખી છે, તેઓ જાતે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે તો તેઓનું દુઃખ ટળે. હું કોઈને ફેરવવા સમર્થ નથી. પર જીવોનું દુઃખ હું ટાળી શકું નહિ કેમકે દુઃખ તેઓએ પોતાની ભૂલથી કર્યું છે; તેઓ પોતાની ભૂલ ટાળે તો તેમનું દુઃખ ટળે. કોઈ પરના લક્ષે

અટકવાનો જ્ઞાનનો સ્વભાવ નથી. –આવા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો તે સમ્યક્ત્વની પાત્રતા છે.

પ્રથમ શ્રુતનું અવલંબન બતાવ્યું તેમાં પાત્રતા થઈ છે, એટલે કે શ્રુતના અવલંબનથી આત્માનો નિર્ણય થયો છે; ત્યારપછી પ્રગટ અનુભવ કેમ થાય? તે માટે જુઓ પાનું ૩૯ મું.

(આ પ્રવચનનો બીજો ભાગ એટલે સમ્યગ્દર્શનની રીતઃ તે માટે જુઓ પાનું : ૩૯)

# સામાયિક કરો

**એક સમયના સામાયિકમાં કેટલી તાકાત?**

અલ્પકાળમાં મોક્ષ દેવાની તાકાત છે.

**સામાયિક એટલે શું?**

પુણ્ય–પાપ વગરના જ્ઞાનનો અનુભવ, તે સામાયિક છે.

**શુભરાગ તે સામાયિક છે?**

ના; સામાયિક તે તો વીતરાગભાવ છે.

**પુણ્યને મોક્ષનું સાધન માને તેને સામાયિક હોય?** ..................... ના.

**સામાયિકમાં શેનો લાભ છે?**

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ આત્માનો લાભ છે.

**પુણ્યને મોક્ષમાર્ગ માનનારા જીવો કેવા છે?**

તેઓ સ્થૂળ લક્ષવાળા છે; સૂક્ષ્મ એવા ચૈતન્યનું લક્ષ તેને નથી.

**સંસારથી ડરીને મોક્ષને ચાહે તેણે શું કરવું?**

તેણે સામાયિક કરવી.

**સામાયિક કેવી રીતે થાય?**

પુણ્ય–પાપ, રાગ–દ્વેષ તેનાથી પાર એવા જ્ઞાનના અનુભવ વડે સામાયિક થાય છે. જ્ઞાનસ્વરૂપ આત્માની ઓળખાણ વગર સામાયિક હોય નહીં.

**અજ્ઞાનીએ પૂર્વે કદી સામાયિક કરી હશે?**

ના.

**આત્માની ઓળખાણ વગર પણ ઘણા જીવો સામાયિક તો કરે છે?**

તે સામાયિક સાચી નથી; શરીરની સ્થિરતા કે પાપ છોડીને પુણ્યનો ભાવ–તેને કાંઈ ભગવાને સામાયિક નથી કહ્યું; શરીરથી ભિન્ન અને પુણ્યથી પાર એવા વીતરાગી જ્ઞાનનો અનુભવ તે સામાયિક છે, ને તે મોક્ષનું કારણ છે. આવું સામાયિક આત્માના જ્ઞાનપૂર્વક જ હોય છે.

હે મોક્ષાર્થી જીવો! મોક્ષને માટે તમે આવું સામાયિક કરો.

## પુણ્યકર્મનો પક્ષપાતી ( =અજ્ઞાની )

**પુણ્ય તે બંધનું જ કારણ હોવા છતાં તેને જે મોક્ષનું કારણ માને છે તે જીવ પુણ્યકર્મનો પક્ષપાતી છે; પુણ્યકર્મના પક્ષપાતમાં તેને શો દોષ આવે છે તે આચાર્યદેવ ( ગાથા ૧૫૪ માં ) બતાવે છે; અને કહે છે કે જિનાગમનું વિધાન તો જ્ઞાનસ્વરૂપ આત્માની અનુભૂતિ કરવાનું છે.**

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે અબંધ છે, ને તેના આશ્રયે પરિણમતું જે જ્ઞાન તે જ મોક્ષનું કારણ છે, કેમ કે તે જ્ઞાન પોતે બંધનરહિત છે. અને તે જ્ઞાનપરિણમન સિવાયનું જે કાંઈ પરાશ્રિત પરિણમન છે તે બધુંય બંધસ્વરૂપ છે ને બંધનું જ કારણ છે. –માટે જ્ઞાનસ્વભાવની અંતર્અનુભૂતિ કરીને જ્ઞાનરૂપે પરિણમવું તે જ આગમનું વિધાન છે. બધાય આગમનો સાર શું? કે જ્ઞાનરૂપે પરિણમવું તે; અંતર્મુખ થઈને જે જ્ઞાનભાવે પરિણમ્યો તેણે સર્વે આગમનું રહસ્ય જાણ્યું. અને ઘણાં શાસ્ત્રો ભણવા છતાં જો અંતર્મુખ જ્ઞાનભાવે ન પરિણમ્યો, –રાગથી ભિન્ન જ્ઞાનનો અનુભવ ન કર્યો તો તેનું બધુંય જાણપણું અજ્ઞાન જ છે. શાસ્ત્ર તરફના વિકલ્પથી, કે શુદ્ધનયના વિકલ્પથી મને જરાય લાભ થશે–એમ જે માને છે તે જીવ તે વિકલ્પનો જ પક્ષપાત કરીને, વિકલ્પના અનુભવમાં જ અટકે છે. પણ તેનાથી આઘો ખસીને જ્ઞાનનો અનુભવ કરતો નથી, એટલે આગમના ફરમાનની તેને ખબર નથી. આગમનું ફરમાન તો રાગથી ભિન્ન ચૈતન્યનો અનુભવ કરવાનું છે; તેને બદલે અજ્ઞાની પુણ્યના પક્ષમાં અટકી ગયો.

પાપ કર્મ તો કુશીલ છે–ખરાબ છે, પરંતુ પુણ્યકર્મ તો સુશીલ છે, –સારૂં છે, એમ અજ્ઞાની માને છે. આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! પુણ્ય પણ સંસારમાં જ રખડાવે છે– તો તેને સુશીલ કેમ કહેવાય? પુણ્ય કાંઈ મોક્ષમાર્ગના આશ્રયે નથી, તે તો બંધમાર્ગના જ આશ્રયે છે જીવસ્વભાવના આશ્રયે પરિણમતા જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે જ મોક્ષનું કારણ છે. –એ સિવાય પરાશ્રયે પરિણમતા રાગાદિભાવો–પછી તે અશુભ હો કે શુભ હો–સંસારનું જ કારણ છે. જે જીવ તે રાગની રુચિ કરે છે તે સંસારમાં જ રખડે છે. ભેદજ્ઞાન કરીને જે જીવ રાગથી વિરક્ત થાય છે–તે જ કર્મબંધનથી છૂટે છે. વ્રતાદિ શુભભાવો છે તે તો જીવના પરમાર્થસ્વભાવથી બાહ્ય

છે, તે વ્રતાદિના વિકલ્પો ન હોવા છતાં જ્ઞાનપરિણામ વડે જ્ઞાનીઓ મોક્ષને સાધે છે, અને અજ્ઞાનીને તે વ્રતાદિના શુભ પરિણામો હોવા છતાં તે મોક્ષ પામતો નથી. માટે જ્ઞાન જ મોક્ષનું કારણ છે. અને જ્ઞાનરૂપે પરિણમવું તે જ આગમનું ફરમાન છે.

આ રીતે, પુણ્ય તે મોક્ષનું કારણ નથી પણ બંધનું જ કારણ છે–એમ આચાર્યદેવે સમજાવ્યું; છતાં હજી પણ જે જીવ અજ્ઞાનથી પુણ્યકર્મનો પક્ષપાત કરે, –તેને શું દોષ આવે છે? તે ફરીને પણ સમજાવે છે–

**પરમાર્થબાહ્ય જીવો અરે! જાણે ન હેતુ મોક્ષનો,**
**અજ્ઞાનથી તે પુણ્ય ઈચ્છે હેતુ જે સંસારનો. (૧૫૪)**

જેઓ પરમાર્થથી બાહ્ય છે એટલે કે ચિદાનંદમૂર્તિ આત્માના અનુભવથી રહિત છે તેઓ મોક્ષના હેતુને જાણતા નથી, અને અજ્ઞાનથી પુણ્યને જ મોક્ષનું કારણ માનીને તેને ઈચ્છે છે. જો કે પુણ્ય પણ સંસારગમનનો હેતુ છે તોપણ અજ્ઞાની તેને મોક્ષનો હેતુ માને છે; તે એમ માને છે કે હું મોક્ષના ઉપાયને સેવું છું પણ ખરેખર રાગની રુચિથી તે સંસારમાર્ગ જ સેવી રહ્યો છે. મોક્ષ કોને કહેવો ને તેનો માર્ગ શું–તેની તેને ખબર પણ નથી.

મોક્ષ એટલે શું? કે સમસ્ત કર્મપક્ષનો નાશ કરવાથી જે શુદ્ધાત્માનો લાભ થાય–નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય–તે મોક્ષ છે. પુણ્ય કર્મના પણ નાશથી મોક્ષ થાય છે; પુણ્ય તે પણ કર્મના પક્ષમાં છે, તે કાંઈ આત્માના સ્વભાવની ચીજ નથી.

આવા મોક્ષના કારણરૂપ સામાયિક છે. તે સામાયિક કેવી છે? કે સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્ર–સ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનનું અનુભવન તે સામાયિક છે; શરીર બેઘડી સ્થિર રહે કે અમુક પાઠ ભણી જાય તેને કાંઈ સામાયિક નથી કહેતા. અહો, સામાયિકમાં તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સમાઈ જાય છે, એકલા જ્ઞાનના અનુભવનરૂપ આવી સામાયિક તે મોક્ષનું કારણ છે. તે સામાયિક ચિદાનંદસ્વભાવમાં જ એકાગ્રતા છે, અને તે સમયસારસ્વરૂપ છે એટલે શુદ્ધાત્માના અનુભવસ્વરૂપ છે. આવી સામાયિક પુણ્ય–પાપના દુરંત કર્મચક્રથી પાર છે. માત્ર પાપપરિણામથી નિવર્તે ને અત્યંત સ્થૂળ એવા પુણ્યકર્મોમાં વર્ત્યા કરે ને તેના જ અનુભવથી સંતુષ્ટ થઈને મોક્ષનું કારણ માની લ્યે તો તે જીવ નામર્દ છે, રાગથી પાર થવાનો પુરુષાર્થ તેનામાં નથી; કર્મના અનુભવથી ખસીને જ્ઞાનના અનુભવમાં તે આવતો નથી. હિંસા વગેરે સ્થૂળ

અશુભ પરિણામોને તો બંધનું કારણ માનીને તેણે છોડયા, પણ શુભ પરિણામોને મોક્ષનું કારણ માનીને તે સેવી રહ્યો છે, રાગથી ભિન્ન જ્ઞાનને અનુભવતો નથી, –એટલે ખરેખર અજ્ઞાનભાવથી તે સંસારના કારણને જ સેવી રહ્યો છે. સેવે છે તો સંસારના કારણને, અને માને છે એમ કે હું મોક્ષના કારણને સેવું છું–તે સંસારથી કેમ છૂટે? –ને મોક્ષ ક્યાંથી પામે? મોક્ષના કારણને તો તે જાણતો પણ નથી. આ રીતે પુણ્યકર્મનો પક્ષપાતી જીવ કદી સંસારથી છૂટતો નથી ને મોક્ષ પામતો નથી.

તે અજ્ઞાની જીવ જોકે સંસારથી ડરીને મોક્ષને ઈચ્છે તો છે, પણ તેનાં અભિપ્રાયમાં પુણ્યને મોક્ષનું સાધન માને છે, એટલે ખરેખર તે સંસારના કારણરૂપ પુણ્યને ઇચ્છતો હોવાથી, સંસારના કારણને જ સેવી રહ્યો છે, એવા જીવો મોક્ષને ઈચ્છે છે પણ મોક્ષના કારણને જાણતા નથી; અને સંસારને ઈચ્છતા નથી પણ સંસારના કારણને જ સેવી રહ્યા છે. અજ્ઞાની જીવો સ્થૂળ લક્ષવાળા છે, સૂક્ષ્મ એવો ચૈતન્ય સ્વભાવ તેમના લક્ષમાં આવ્યો નથી, ને સ્થૂળ એવા શુભપરિણામોમાં જ તેઓ સંતુષ્ઠ છે, શુભપરિણામથી કર્મની કંઈક મંદતા થઈ ત્યાં જાણે છે કે મને મોક્ષમાર્ગ હાથ આવી ગયો;–પણ ભાઈ, મંદકર્મ તે પણ કર્મની જ જાત છે, મોક્ષમાર્ગ તો તેનાથી તદ્ન જુદી જ જાતનો છે. મંદકર્મમાં સંતુષ્ઠ થયો તે કર્મમાં જ અટકયો છે, કર્મને મૂળથી ઊખડતો નથી, કર્મની મંદતા ભલે કરે પણ કર્મનું મૂળીયું તો સાજેસાજું રાખે છે; ચૈતન્યની મુક્તિનું મૂળ તેનાં હાથમાં આવ્યું નથી.

કર્મની તીવ્રતામાંથી મંદતા થઈ, –પાપમાંથી પુણ્ય થયું–પણ ચક્ર તો કર્મનું જ રહ્યું. ચૈતન્યનું અને રાગનું અત્યંત ભેદજ્ઞાન કરવું જોઈએ. શુભવિકલ્પનો કણિયો પણ મને ચૈતન્યસાધનમાં જરાય મદદગાર નથી, મારું ચૈતન્યતત્ત્વ શુભવિકલ્પોથી પણ પાર છે–આમ અત્યંત ભિન્નતા જાણીને સમસ્ત કર્મકાંડને મૂળમાંથી ઊખેડી નાંખે, અને કર્મથી ભિન્ન એવા જ્ઞાનકાંડને અનુભવે તો ચૈતન્યના આશ્રયે મોક્ષનું સાધન થાય. જ્યાંસુધી અભિપ્રાયમાં અંશમાત્ર શુભરાગનું અવલંબન રહે ત્યાંસુધી સંસારવૃક્ષનું મૂળિયું એવું ને એવું રહે છે. પાપ છોડીને અજ્ઞાનપૂર્વક વ્રત–તપ–દયા–દાન–શીલ–પૂજા વગેરે શુભભાવો અનંતકાળમાં અનંતવાર જીવ ચૂક્યો, પણ તેનાથી ભવભ્રમણનો અંત ન આવ્યો; રાગના આશ્રયની બુદ્ધિ ન છૂટી તેથી સંસારમાં જ રખડયો. રાગમાત્ર (ભલે શુભ હોય તોપણ) બંધનું જ કારણ છે. છતાં અજ્ઞાની તેને બંધનું કારણ ન માનતાં મોક્ષનું કારણ માનીને સેવે છે; શાસ્ત્રકાર કહે છે કે અરે ભાઈ! એક ક્ષણિક પુણ્યવૃત્તિને ખાતર તું આખા મોક્ષમાર્ગને વેચી રહ્યો છે! જેમ થોડીક રાખને માટે

ચંદનના વનને કોઈ મૂરખો ભસ્મ કરી નાંખે, છાસને માટે કોઈ રત્નને વેચી દે, નાનકડા દોરાના કટકાને માટે રત્નની કંઠી તોડી નાંખે, તેમ ક્ષણિક પુણ્યની મીઠાસ આડે તું આખા ચિદાનંદતત્ત્વનો આશ્રય છોડી દે છે, રાગની મીઠાસ આડે તું આખા મોક્ષમાર્ગને છોડી રહ્યો છે ને સંસારમાર્ગને આદરી રહ્યો છે, –તો તારી મુર્ખાઈનું શું કહેવું ? બાપુ ? મોક્ષની ઈચ્છાથી તેં જ્યારે દિક્ષા લીધી ત્યારે શુદ્ધાત્માના અનુભવરૂપ સામાયિકની પ્રતિજ્ઞા કરી હતી, પરંતુ તું તો શુભરાગના જ અનુભવમાં અટકી ગયો, રાગથી ભિન્ન ચૈતન્યની તેં શ્રદ્ધા પણ ન કરી; મોક્ષના સાધનરૂપ સાચી સામાયિકને તેં ઓળખી પણ નહીં. ચિદાનંદસ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવરૂપ સામાયિક તે મોક્ષનું કારણ છે. –એવો અનુભવ જેઓ નથી કરતા ને રાગના જ અનુભવને મોક્ષનું સાધન માનીને તેમાં અટકી જાય છે તેઓ કર્મચક્રને પાર ઊતરવા માટે પુરુષાર્થ વગરના છે; ચૈતન્યસ્વભાવનો પુરુષાર્થ તેને જાગ્યો નથી. વ્યવહારે અર્હંત ભગવાનના માર્ગને જ માને છે, બીજા કુમાર્ગને તો માનતો નથી, ભગવાને કહેલ ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ વસ્તુને તથા નવતત્ત્વો વગેરેને વ્યવહારે બરાબર માને છે, પણ અંતરમાં રાગ અને ચૈતન્યની ભિન્નતાનું વેદન કરતા નથી, સ્થૂળ લક્ષપણે શુભરાગમાં જ અટકી જાય છે–એવા જીવો, શુભરાગને સંસારનું કારણ હોવા છતાં મોક્ષનું કારણ માની રહ્યા છે; તેથી પુણ્યનો–રાગનો જ આશ્રય કરે છે, પણ તેનો આશ્રય છોડતા નથી ને જ્ઞાનનો આશ્રય કરતા નથી એટલે તેઓ સંસારમાં જ પરિભ્રમણ કરે છે. આ રીતે પુણ્યકર્મના પક્ષપાતી જીવો સંસારમાં જ રખડે છે, તેઓ મોક્ષને પામતા નથી. મોક્ષ તો જ્ઞાન વડે જ પમાય છે, પુણ્ય વડે નહીં.

જ્ઞાનસ્વભાવનો આશ્રય કરીને જ્ઞાનપણે પરિણમવું તે જ મોક્ષનું કારણ છે. જેઓ અંતર્મુખ થઈને જ્ઞાનસ્વભાવનો આશ્રય કરે છે તેઓ જ મુક્તિને પામે છે. માટે જ્ઞાનસ્વભાવનો આશ્રય કરીને જ્ઞાનરૂપે પરિણમવું તે જ આગમની આજ્ઞા છે.

## ❁ જ્ઞાની ન ઈચ્છે પુણ્યને ❁

અજ્ઞાની ચૈતન્યનું ભાન ભૂલીને રાગની ધૂનમાં ચડી ગયો. જ્ઞાની ચૈતન્યની ધૂન આડે રાગને જરા પણ ઈચ્છતા નથી; શુદ્ધઆત્મા સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–અનુભવરૂપ જે મોક્ષમાર્ગ છે તેને જ જ્ઞાની સેવે છે. પુણ્યને જરાપણ મોક્ષમાર્ગ માનતા નથી. જેને પુણ્યની રુચિ છે તેને સંસારની રુચિ છે, તેને મોક્ષની રુચિ નથી. મોક્ષ તો આત્માની

પૂર્ણ શુદ્ધતા છે, તો તેનો માર્ગ પણ શુદ્ધતારૂપ જ હોય. રાગ તો અશુદ્ધતા છે, અશુદ્ધતા તે શુદ્ધતાનો માર્ગ કેમ હોય ? ન જ હોય. શ્રીમદ્રાજચંદ્રજી કહે છે કે–

**મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;**
**સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.**

આચાર્ય ભગવાન કહે છે કે આત્મસ્વભાવના આશ્રયે થતા જે શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર તે જ પરમાર્થ મોક્ષમાર્ગ છે; એના સિવાય બહિર્મુખવૃત્તિરૂપ વ્રત–તપ વગેરે શુભકર્મને કેટલાક લોકો મોક્ષહેતુ માને છે, તે સઘળોય અહીં નિષેધવામાં આવ્યો છે, રાગ તે મોક્ષનો હેતુ થાય–એ વાત જિનભગવાનના માર્ગમાંથી તદ્ન નિષેધવામાં આવી છે. રાગને જે મોક્ષનું સાધન માને તેને કિંચિત્ પણ મોક્ષમાર્ગ હોય નહિ, તે તો રાગમાં જ તન્મય વર્તતો થકો અજ્ઞાનભાવે સંસારમાં જ રખડે છે. પુણ્ય–પાપથી પાર ચૈતન્યનો નિર્વિકલ્પ અનુભવ ચોથા ગુણસ્થાને ગૃહસ્થને પણ થાય છે, ને એવો અનુભવ કરે ત્યારે જ મોક્ષસાધનની શરૂઆત થાય છે.

વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ સધાતો નથી; મોક્ષમાર્ગ તો પરમાર્થ–સ્વભાવના આશ્રયે જ સધાય છે. પરમાર્થરૂપ એવા જ્ઞાનસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રવર્તે છે, તેથી જેઓ પરમાર્થ સ્વભાવનો આશ્રય કરે છે તેઓ જ મુક્તિને પામે છે. જેઓ નિશ્ચયના વિષયને છોડીને વ્યવહારના આશ્રયે પ્રવર્તે છે, વ્યવહારના આશ્રયથી લાભ થવાનું માને છે તેઓ મોક્ષને પામતા નથી પણ સંસારમાં રખડે છે. વ્રત–તપ વગેરે શુભકર્મો કેવા છે ? કે પરમાર્થ મોક્ષહેતુથી જુદા છે, એટલે કે બંધના હેતુ જ છે; છતાં અજ્ઞાનીઓ તેને મોક્ષહેતુ માને છે, તે માન્યતાને સર્વથા નિષેધવામાં આવી છે. અજ્ઞાનીએ માનેલો શુભકર્મરૂપ મોક્ષહેતુ આખોય નિષેધવામાં આવ્યો છે, એટલે કે શુભકર્મ વડે મોક્ષમાર્ગ જરાપણ થતો નથી, –એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ભલે વિદ્વાન હોય કે શાસ્ત્રો ભણ્યો હોય, પણ જો શુભરાગના આશ્રયે કિંચિત પણ મોક્ષમાર્ગ થવાનું માનતો હોય તો તે ભગવાનના માર્ગથી ભ્રષ્ટ છે, ભગવાને કહેલા શાસ્ત્રના રહસ્યને તે જાણતો નથી; ખરેખર તે વિદ્વાન નથી પણ મૂઢ છે. અરે ભાઈ ! તું શાસ્ત્રમાંથી શું ભણ્યો ? મોક્ષનો પંથ તો આત્માના આશ્રયે હોય કે રાગના આશ્રયે ? વ્યવહાર એટલે પરનો આશ્રય, પરના આશ્રયે મોક્ષમાર્ગ કેમ હોય ? ભાઈ, તેં પરના આશ્રયની બુદ્ધિ ન છોડી ને સ્વતત્ત્વ તરફ તારું મુખ ન ફેરવ્યું–તો તારી વિદ્વતા શા કામની ? ને તારા શાસ્ત્રભણતર શું

કામના? વિદ્વત્તા તો તેને કહેવાય કે જેનાથી સ્વાશ્રય કરીને પોતાનું હિત સધાય. સ્વાશ્રયે વીતરાગભાવ પ્રગટે તે જ શાસ્ત્રનો ઉપદેશ છે. આત્માના મોક્ષનું કારણ આત્માના સ્વભાવથી જાુદું ન હોય. આત્મા જ્ઞાનસ્વભાવી છે ને રાગ તો તેનાથી જાુદી ચીજ છે; તે રાગ વડે મોક્ષમાર્ગનું પરિણમન થતું નથી. પુણ્યભાવ પણ બંધનું જ કારણ છે, મોક્ષનું નહિ.

પુણ્યને ક્યાંક તો રાખો?

–રાખ્યું ને!

–ક્યાં રાખ્યું?

પુરેપૂરું બંધમાર્ગમાં રાખ્યું.

મોક્ષમાર્ગ પુણ્યના આશ્રયે નથી. મોક્ષમાર્ગ તો જ્ઞાનસ્વભાવના જ આશ્રયે થાય છે. આચાર્યદેવ કહે છે કે અરે પંડિતો! તમે જો વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ માનતા હો તો ભગવાનના આગમમાં તેમ કહ્યું નથી. ભગવાને તો પરમાર્થ સ્વભાવના આશ્રયે જ મોક્ષમાર્ગ કહ્યો છે, ને વ્યવહારના આશ્રયનું ફળ તો સંસાર જ કહ્યું છે.

કરવો આત્માનો મોક્ષ, અને આશ્રય લેવો આત્માથી વિરુદ્ધ એવા રાગનો! – એમાં વિદ્વત્તા નથી પણ વિપરીતતા છે. ચૈતન્યભાવ અને રાગભાવ વચ્ચે ભેદજ્ઞાન કરીને, ચૈતન્યનો આશ્રય કરવો ને રાગનો આશ્રય છોડવો–તે જ ખરી વિદ્વત્તા છે, ને આ એક જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. આવા જ્ઞાનમય મોક્ષમાર્ગનું તમે સેવન કરો. ને પુણ્યનો પક્ષ છોડો.

## આકાશ અને જ્ઞાન

- આકાશનો અંત છે? ......ના.
- આકાશ જ્ઞાનમાં જણાય છે? .....હા.
- આકાશ 'અંતસ્વભાવવાળું' નથી પણ તેનામાં 'જ્ઞેયસ્વભાવ' તો છે; તેથી, અંતવગરનું હોવા છતાં જ્ઞાનમાં તે અંતવગરના પણે (અનંતપણે) જેમ છે તેમ જણાય છે. કેમકે–
- આકાશની અનંતતા કરતાંય જ્ઞાનસામર્થ્યની અનંતતા મોટી છે.
- હે જીવ! આવડા મોટા જ્ઞાનસ્વભાવવાળો તું છો.

# નીચેના જીવોને ઓળખી કાઢો-

(૧) એક જીવના મોઢામાં અમૃત છે, છતાં તે દુઃખી છે–તે કોણ?

(૨) એક જીવ કદી ખાતા નથી છતાં સદાય સુખે જીવે છે–તે કોણ?

(૩) એક જીવ સમ્યગ્દ્રષ્ટિ છે, પણ તે નથી સ્વર્ગમાં, નથી મનુષ્યમાં, નથી તિર્યંચમાં કે નથી નરકમાં, –તો તે ક્યાં હશે?

(૪) જંગલમાં જેનો જન્મ, ને અંજના જેની માતા, તે મોક્ષગામી મહાત્મા કોણ?

(૫) મહાવીર ભગવાનના સૌથી મોટા શિષ્ય–કે જે બ્રાહ્મણ હતા ને મોક્ષ પામ્યા તે કોણ?

(૬) જિનદીક્ષા લેનારા છેલ્લા મુગટબંધી રાજા, જેણે ભદ્રબાહુસ્વામી પાસે દીક્ષા લીધી–તે કોણ?

(૭) એક જીવ વીતરાગ છે, તેનું આયુષ્ય પૂરું થયું છતાં તે મોક્ષ ન પામ્યો, તે કોણ?

(૮) એક મનુષ્ય એવા–કે જે કદી ખાય નહીં, પીએ નહી, છતાં લાખો વર્ષ જીવે–તે કોણ?

(૯) એક મનુષ્ય પાસે રાતી પાઇ પણ નથી છતાં જે ગરીબ નથી, તે કોણ?

(૧૦) કુંદકુંદસ્વામી, જંબુસ્વામી, અકલંકસ્વામી, મરુદેવી, –આમાંથી તે ભવે મોક્ષ પામ્યું તે કોણ?

## ગતાંકમાં પૂછેલા આઠ વાક્યોની સાચી રચના નીચે મુજબ છે-

૧ ભરત અને બાહુબલી બંને ભાઈ હતા.

૨. બાવીસમા તીર્થંકર નેમિનાથ ગીરનારથી મોક્ષ પામ્યા.

૩. મહાવીર ભગવાન પાવાપુરીથી મોક્ષ પામ્યા.

૪. સોનગઢમાં ૬૩ ફૂટ ઊંચો માનસ્તંભ છે.

૫ ‘નમો અરિહંતાણં’ એ મહામંત્ર છે.

૬ સમયસારશાસ્ત્રમાં ૪૧૫ ગાથાઓ છે.

૭ આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે.

૮ જીવનો મોક્ષ વીતરાગી રત્નત્રયથી થાય છે.

ચારસો ઉપરાંત જિજ્ઞાસુઓએ આ યોજનામાં રસ લઈને ઉત્સાહપૂર્વક જવાબો લખી મોકલ્યા છે, તે સૌને ધન્યવાદ!

# પં. બુધજનરચિત છહઢાળા (પાંચમી ઢાળ)

**અગાઉની ચાર ઢાળ અનુક્રમે આત્મધર્મ અંક ૩૦૪, ૩૦૬, ૩૦૮A તથા ૩૦૯ માં આવી ગઈ છે. આ પાંચમી ઢાળમાં સમ્યગ્દર્શન પછી શ્રાવકનાં બાર વ્રતો વગેરેનું કથન કર્યું છે.**

**મનહરણ છંદ**

તિર્યંચ મનુષ દો ગતિમેં
વ્રતધારક શ્રદ્ધા ચિત્તમે;
સો અગલિત–નીર ન પીવેં,
નિશિભોજન તજેં સદીવેં। ૧ ।
મુખ વસ્તુ અભક્ષ ન ખાવેં
જિનભક્તિ ત્રિકાલ રચાવેં;
મન–વચ–તન કપટ નીવારેં;
કૃત–કારિત–મોહ સમ્હારે। ૨ ।
જૈસે ઉપશમત કષાયા,
તૈસા તિન ત્યાગ કરાયા;
કોઈ સાત વ્યસનકો ત્યાગેં,
કોઈ અનુવ્રત તપ લાગેં। ૩ ।
ત્રસ જીવ કભી નહીં મારેં,
ન વૃથા થાવર સંહારે;
પરહિત બિન જૂઠ ન બોલેં,
મુખ સત્ય વિના નહીં ખોલેં। ૪ ।
જલ–મૃત્તિકા બિન ધન સબહી,
બિન દિયે ન લેવેં કબહી;
વ્યાહી વનિતા બિન નારી,
લઘુ બહિન બડી મહતારી। ૫ ।
તુષ્ણાકા જોર સંકોચેં,
જ્યાદે પરિગ્રહકો મોચેં;
દિશિકી મર્યાદા લાવેં,
બાહર નહીં પાંવ હલાવેં। ૬ ।
તામેં ભી પુર સર સરિતા,
નિત રાખત અઘસે ડરતા;
સબ અનર્થદંડ ન કરતે,
ક્ષણ ક્ષણ જિનધર્મ સુમરતે। ૭ ।
દ્રવ્ય–ક્ષેત્ર– કાલ શુભ ભાવૈ,
સમતા સામાયિક ધ્યાવૈ;
પ્રૌષધ એકાકી હો હૈ,
નિષ્કિંચન મુનિજ્યોં સોહૈ। ૮ ।
પરિગ્રહ–પરિણામ વિચારેં,
નિત નેમ ભોગકા ધારેં;
મુનિ આવન વેળા જાવે,
તબ યોગ્ય અસન મુખ લાવે। ૯ ।
યોં ઉત્તમ કાર્ય કરતા,
નિત રહત પાપસે ડરતા;
જબ નીકટ મુત્યુ નિજ જાને,
તબહી સબ સમતા ભાને। ૧૦ ।
ઐસે પુરુષોત્તમ કેરા
બુધજન ચરણોંકા ચેરા,
વે નિશ્ચય સુરપદ પાવેં
થોડે દિનમેં શિવ જાવેં। ૧૧ ।

## ( પાંચમી ઢાળનો અર્થ )

( ૧ ) શ્રદ્ધા જેના ચિત્તમાં છે એવા વ્રતધારક જીવો તિર્યંચ અને મનુષ્ય એ બે ગતિમાં જ હોય છે. તે અણુવ્રતધારક જીવો અણગળ પાણી પીતા નથી અને રાત્રિભોજન છોડે છે.

( ૨ ) મુખમાં અભક્ષ્ય વસ્તુ ખાતા નથી, ત્રિકાળ જિનભક્તિમાં લયલીન રહે છે, મન–વચન–તનથી કપટ છોડે છે, અને પાપકાર્યો કરવા–કરાવવા કે અનુમોદવાનું છોડે છે.

( ૩ ) તે સમ્યગ્દ્રષ્ટિને જેટલા કષાય ઉપશમે છે તેટલા પ્રમાણમાં હિંસાદિનો ત્યાગ હોય છે. કોઈ તો સાત વ્યસન ( જુગાર–માંસ–મદિરા–શિકાર–ચોરી–વેશ્યા અને પરસ્ત્રી ) તેનો જ ત્યાગ કરે છે, અને કોઈ અણુવ્રત ધારણ કરીને તપમાં લાગે છે.

( ૪ ) તે શ્રાવક કદી ત્રસ જીવને મારે નહીં, અને સ્થાવર જીવોનો પણ વગર પ્રયોજને સંહાર કરે નહીં, અન્યના હિત વગર જૂઠ બોલે નહીં ( અર્થાત્ કોઈ ધર્માત્માથી દોષ થઈ ગયો હોય તેને બચાવવા, અથવા કોઈ નિરપરાધી ફસાઈ જતો હોય તેને ઉગારવા; એવા પ્રસંગ સિવાય તે જૂઠ બોલતા નથી. અને તે પણ અન્યનું અહિત થાય તેવું બોલતા નથી ) અને સત્ય સિવાય કદી મુખ ખોલતા નથી.

( ૫ ) જેની મનાઈ નથી એવા પાણી અને માટી સિવાય બીજી કોઈ વસ્તુ દીધા વગરની કદી લેતા નથી; પોતાની વિવાહીત નારી સિવાય બીજી નાની સ્ત્રીઓને બહેનસમાન, અને મોટીને માતાસમાન સમજે છે.

( ૬ ) તૃષ્ણાનું જોર સંકોચે છે અર્થાત્ મમતા ઘટાડીને અધિક પરિગ્રહને છોડે છે, પરિગ્રહની મર્યાદા કરે છે; દિશાઓમાં ગમનની કે કોઈને બોલાવવા–મોકલવાની મર્યાદા કરે છે અને તે મર્યાદાથી બહાર પગ મુકતા નથી.

( ૭ ) પાપથી ડરનારા તે શ્રાવક દિગ્વ્રતમાં નક્કી કરેલી મર્યાદામાંથી પણ નગર–તળાવ કે નદી વગેરેની મર્યાદા રાખે છે, કોઈ પ્રકારના અનર્થદંડ ( ખોટા પાપ, નિષ્પ્રયોજન હિંસાદિ ) કરતા નથી, અને ક્ષણે ક્ષણે જિન–ધર્મનું સ્મરણ કરે છે.

( ૮ ) દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવની શુદ્ધિપૂર્વક સમતારૂપ સામાયિકને ધ્યાવે છે; આઠમ

ચૌદસ પ્રૌષધ–ઉપવાસના દિવસે એકાંતમાં રહે છે અને નિષ્પરિગ્રહી મુનિસમાન શોભે છે.

(૯) તે શ્રાવક પરિગ્રહની મર્યાદાનો વિચાર કરે છે અને ભોગ–ઉપભોગની મર્યાદાનો પણ હંમેશા નિયમ કરે છે. મુનિવરોને આહારદાનની ભાવના ભાવે છે અને જ્યારે મુનિઓને આવવાની વેળા વીતી જાય ત્યારે જ પોતે યોગ્ય શુદ્ધ ભોજન કરે છે.

(૧૦) એ રીતે ધર્મી–શ્રાવક સદા ઉત્તમ કાર્ય કરે છે અને પાપથી સદાય ડરતા રહે છે. અને જ્યારે મરણનો કાળ નજીક જાણે ત્યારે સમસ્ત પરિગ્રહની મમતાને છોડે છે.

(૧૧) બુધજન કહે છે કે અમે એવા ઉત્તમ પુરુષોના ચરણોના સેવક છીએ; તે ધર્માત્મા નિયમથી સુરપદ પામીને અલ્પકાળમાં જ મોક્ષ પામે છે.

(પંચમઢાળ પૂરી)

## ક્રોધથી તારું ઘર સળગે છે

જીવ ક્રોધથી અંધ બનીને પોતે પોતાને કેવું નુકશાન કરે છે તેનું એક સ્થૂળ દ્રષ્ટાંત–બે માણસોને એકબીજા સાથે દુશ્મનાવટ થઈ; બંનેનું ઘર આજુબાજુમાં જ હતું. એકે ક્રોધથી વિચાર્યું કે હું સામાનું ઘર બાળી નાંખું. તે અનુસાર સામાનું ઘર બાળી નાંખવા તેના ઘરમાં અગ્નિ ફેંકીને ભાગ્યો. પણ બીજો માણસ તે દેખી ગયો; પોતાનું ઘર બળતું હોવા છતાં ક્રોધથી તેણે વિચાર્યું કે, જો ઘર ઠારવા રોકાઈશ તો આ શત્રુ ભાગી જશે; માટે તેને પકડું. એમ તેને પકડવા તેની પાછળ ગયો; અને પછી પાછો આવીને જુએ છે તો ઘરનું નામનિશાન ન મળે....આગમાં બધુંય ભસ્મીભૂત! તે દેખીને તેને પસ્તાવો થયો કે અરેરે! શત્રુ ઉપર ક્રોધ કરવા કરતાં મેં પોતે મારા ઘરની આગ ઠારી હોત તો મારું ઘર ન બળત....તેમ જીવને કાંઈક પ્રતિકૂળતાનો પ્રસંગ આવતાં સામા ઉપર તે ક્રોધ કરે છે, એ ક્રોધ વડે પોતે પોતાના સ્વઘરની શાંતિને બાળે છે; પણ ક્રોધાગ્નિ બુઝાવીને પોતે પોતાના શાંત પરિણામમાં રહે તો એને કાંઈ જ નુકશાન ન થાય, ને પોતાની આત્મિકશાંતિ મળે. આ રીતે પ્રતિકૂળતામાં ક્રોધ–એ દુઃખથી બચવાનો ઉપાય નથી, પણ શાંતિ એ જ દુઃખથી બચવાનો ઉપાય છે. જગતનો કોઈ શત્રુ તારી જે શાંતિ ને હણવા સમર્થ નથી તે શાંતિને તું પોતે જ ક્રોધ વડે કેમ હણે છે?

**જ્યાં ક્રોધ છે ત્યાં દુઃખ છે.....જ્યાં શાંતિ છે ત્યાં સુખ છે.**

## વિવિધ સમાચાર ટાઈટલ પૃ. ( ૨ ) થી ચાલુ

**ભેટપુસ્તકઃ-** વીતરાગવિજ્ઞાન બીજો ભાગઃ છહ્ઢાળા–પ્રવચનોનું આ બીજું પુસ્તક આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપવાનું છે. આ અંકમાં ભેટ માટેનું કુપન છે. આ કુપનના બદલામાં ભેટપુસ્તક તા. ૧–૯–૬૯ પછી આપ સોનગઢથી મેળવી શકશો. ભાદરવા માસમાં ઘણા જિજ્ઞાસુઓ સોનગઢ આવશે તો આપ આપનું કુપન મોકલીને તેમની સાથે પુસ્તક મંગાવી લેશોજી. આફ્રિકાવાળા ભાઈશ્રી લક્ષ્મીચંદ કેશવજી તરફથી આ પુસ્તક ભેટ આપવામાં આવ્યું છે. વેચાણ માટે ઘટાડેલી કિંમત પચાસ પૈસા છે.

**આત્મધર્મઃ-** જિજ્ઞાસુ બંધુઓ નવા વર્ષનું લવાજમ રૂા. ચાર, બને ત્યાં સુધી ભાદ્ર માસમાં, અથવા છેવટ દીવાળી સુધીમાં મોકલી આપે એવી વિનતિ છે. આપ સૌના ઉત્તમ લાગણીભર્યા સહકારને કારણે વી. પી. વગર જ સૌનાં લવાજમ આવી જાય છે; ગત વર્ષે ભાદરવા માસમાં ૨૩૦૦ જેટલા અંકો છપાતા તે વધીને આ વર્ષે ૨૭૦૦ અંકો છપાય છે. –તે પણ આપ સૌની લાગણીને લીધે જ છે.

**જૈનબાળપોથી**-હિંદી તેમજ ગુજરાતી નવી આવૃત્તિ છપાઈ ગઈ છે. હવે પછીની આવૃત્તિ વખતે આપણી આ જૈન બાળપોથી એકલાખ પ્રત પૂરી કરશે–કે જે જૈનસમાજને માટે એક ગૌરવ હશે.

**સ્થળસંકોચને કારણેઃ-** આ અંકમાં ભેદજ્ઞાન–પુષ્પમાળા, ચારિત્રદશાનો એક સુંદર લેખ, આલિંગગ્રહણના તાજા પ્રવચનોનું દોહન, ચંદનાસતીની કથા, વાંચકો સાથે વાતચીત અને બીજા કેટલાક મહત્વના લેખો તૈયાર હોવા છતાં પાનાંની ખેંચને કારણે આપી શકાયા નથી. મહિનાના ૬૦ પ્રવચનોમાંથી, દરેક પ્રવચનનું માત્ર એકેક પાનું આપીએ તોપણ ૬૦ પાનાં થાય, અને તે ઉપરાંત પરચૂરણ ચર્ચાઓ સમાચારો વગેરેના ૨૦ પાનાં, એમ ઓછામાં ઓછા ૮૦ પાનાં દરેક અંકમાં હોય ત્યારે સંતોષકારક લેખોનો સમાવેશ થઈ શકે. દરેક અંકે કેટલાક તૈયાર લેખો પણ છોડી દેવા પડે છે. આથી ઘણાય જિજ્ઞાસુઓ આત્મધર્મનાં પાનાં વધારવા અને એ રીતે જ્ઞાનપ્રચાર વધારવા જે માંગણી કરે છે તે યોગ્ય છે; ને એમ થાય એવું આપણે ઈચ્છીએ.

**વાત્સલ્ય અને ધર્મરક્ષા-** દરવર્ષે શ્રાવણ સુદ પૂનમ આવે છે ને આપણને વાત્સલ્યનો તથા ધર્મરક્ષાનો સન્દેશ આપી જાય છે. પોતાનો ધર્મપ્રેમ સાધર્મી પ્રત્યેના વાત્સલ્ય વડે વ્યક્ત થાય છે. એક મોટો રાજા આંગણે આવે એના કરતાં એક સાધર્મી આંગણે પધારે તેમાં ધર્મીને વિશેષ આનંદ થાય છે. અકંપનસ્વામીએ આપણને ધૈર્ય અને સહનશીલતાનો બોધ આપ્યો ને વિષ્ણુકુમારે વાત્સલ્ય બતાવ્યું.......તો હસ્તિનાપુરના હજારો શ્રાવકોએ સંઘ પ્રત્યેની પરમ ભક્તિ વડે ધર્મરક્ષાનું આ પર્વ પ્રસિદ્ધ કર્યું–જે આજે લાખો વર્ષો પછી પણ ભારતમાં ઉજવાઈ રહ્યું છે. આપણે એ ધૈર્ય, વાત્સલ્ય અને ભક્તિના સન્દેશને ઝીલીને આ પર્વને ધર્મરક્ષાનું અને આત્મસાધનનું નિમિત્ત બનાવીએ.

**જ્ઞાનચક્ષુઃ-** આ ભેટપુસ્તક સોનગઢ અને રાજકોટ ઉપરાંત મુંબઈ તથા અમદાવાદના દિગંબર જિનમંદિરેથી પણ (કુપન રજુ કરીને) મળી શકશે. જેમણે પોસ્ટ મારફત આ ભેટપુસ્તક મંગાવવું હોય તેમણે પચાસ પૈસાની ટીકીટ સહિત કુપનમાં સરનામું લખીને રાજકોટ મોકલવું (મોહનલાલ કાનજીભાઈ ઘીયા, post box no. ૧૧૪ રાજકોટ, સૌરાષ્ટ્ર) (આ ભેટપુસ્તક સંબંધી સંપાદક ઉપર આવેલા પત્રો કે કુપનો રાજકોટ મોકલી દેવામાં આવ્યા છે, ત્યાંથી યોગ્ય વ્યવસ્થા થશે.)

**બાલવિભાગમાં** અપાતા ઈનામો માટે બડનગર જૈન મહિલા સમાજ તરફથી રૂા. ૩૬ છત્રીસ આવેલ છે. બાળકોને આ રીતે પ્રોત્સાહન આપવા માટે ધન્યવાદ! આ ઉપરાંત રૂા. ૧૧ આશાબેન જાદવજી સોનગઢ, તથા રૂા. ૧૫ જયશ્રીબેન હસમુખલાલ કુંવરજી પાલેજ તરફથી આવેલ છે.

નવા સભ્યોનાં નામ હવે પછી આપીશું. બાલવિભાગમાં અપાતા ઈનામોની રકમ સામાન્યપણે તો બાળસભ્યો મારફત આવી જાય છે. તેમાં કોઈવાર ઘટતી રકમ સંપાદક પોતાના તરફથી ઉમેરે છે; આ ઉપરાંત સંપાદનસંબંધી પત્રવ્યવહારનું પોસ્ટેજ, પ્રવાસખર્ચ, તથા સ્ટેશનરી વગેરેનું ખર્ચ પણ 'આત્મધર્મ' પ્રત્યેના ખાસ પ્રેમને લીધે છેલ્લા કેટલાક વર્ષોથી સંપાદક તરફથી થાય છે કે જેનો વાર્ષિક અંદાજ પાંચસોથી છસો રૂપિયા જેટલો હોય છે. આત્મધર્મ–બાલવિભાગને માટે કેટલીક ખોટી અફવા ફેલાતી હોવાથી આટલી સ્પષ્ટતા કરી છે. દરવર્ષે પાંચ હજાર ઉપરાંત પત્રો આવતા હોય છે; ને બાલવિભાગમાં પણ દરમહિને પાંચસો જેટલા સભ્યો હોંશથી ભાલ લ્યે છે. બાલવિભાગ શરૂ થયા પછી ગ્રાહકોની સંખ્યામાં એક હજારનો વધારો થયો છે. હજારો બાળકોમાં ધર્મના ઉત્તમ સંસ્કાર રેડતી આવી પ્રવૃત્તિને ઉત્તેજન આપવું યોગ્ય છે.

**બાળકોનું આદિપુરાણઃ-** (ભગવાન ઋષભદેવના ૧૦ ભવનું ટૂંકું વર્ણન તથા દશ ચિત્રો) નાની પુસ્તિકા, પર્યુષણ વગેરે પ્રસંગે તેમજ પાઠશાળાના બાળકોને લાણી કરવા માટે ઉપયોગી આ પુસ્તિકા ૧૦૦ પ્રતના રૂા. પંદર.

**વીતરાગવિજ્ઞાન** (પ્રવચનો) ભાગ ૧ અને ૨ દરેકની કિંમત પચાસ પૈસા. નાના મોટા સૌને ઉપયોગી વૈરાગ્યરસથી ભરપૂર અધ્યાત્મપ્રવચનો. (બીજો ભાગ આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપવાનો છે તે માટેનું ભેટકુપન આ અંકની સાથે છે, તે કુપનના બદલામાં આપ પુસ્તકો મેળવી શકશો. મુંબઈ, અમદાવાદ તથા રાજકોટથી પણ (થોડા દિવસો બાદ) આપ આ ભેટપુસ્તક મેળવી શકશો. પોસ્ટ મારફત મંગાવવું હોય તો ૨૦ પૈસાની ટીકીટ લગાવીને તથા કુપનમાં સરનામું લખીને કવરમાં તે કુપન સોનગઢ મોકલવું.

**પ્રશ્નઃ-** ભરતક્ષેત્રમાં અત્યારે છઠ્ઠા સાતમા ગુણસ્થાનવર્તી મહાત્માઓ છે? (જુનાગઢ)

**ઉત્તરઃ-** પંચમકાળના અંતસુધીમાં ભરતક્ષેત્રમાં છઠ્ઠા સાતમા ગુણસ્થાનવર્તી મુનિઓ

હોવાનો સંભવ છે. ૧૮૫૦૦ વર્ષ પછી છેલ્લા મુનિએ સમાધિમરણ કર્યા બાદ થોડા જ વખતમાં પંચમકાળ પૂરો થઈને છઠ્ઠો આરો શરૂ થશે; અને ત્યારે ભરતક્ષેત્રમાં મુનિદશા વગેરેનો લોપ થઈ જશે.

**પ્રશ્ન:-** જૈનમાર્ગ સિવાય બીજા સંપ્રદાયોમાં સમ્યગ્દર્શન લભ્ય છે નહીં? –કેમકે સમ્યગ્દર્શન તો ચારે ગતિમાં માનવામાં આવ્યું છે

**ઉત્તર:-** ચારે ગતિમાં સમ્યગ્દર્શન હોઈ શકે છે–એ વાત ખરી, –પણ જૈન સિવાય બીજા માર્ગમાં સમ્યગ્દર્શન કદી હોતું નથી. ચારમાંથી કોઈપણ ગતિમાં જે જીવ સમ્યગ્દર્શન પામ્યો છે તે જીવ જૈનમાર્ગમાં આવી જ ગયેલો છે; કેમકે જૈનમાર્ગમાં અરિહંતદેવે જેવો આત્મસ્વભાવ કહ્યો છે તેવા આત્મસ્વભાવની અનુભૂતિ કરે ત્યારે જ સમ્યગ્દર્શન થાય છે.

**જૈનપાઠશાળા:-** ઘાટકોપર, રાજકોટ વગેરે અનેક સ્થળે જૈન પાઠશાળા ચાલુ હોવાના સમાચાર જાણીને આનંદ થાય છે. દરેક ગામે જૈન પાઠશાળા દ્વારા બાળકોમાં ધર્મસંસ્કાર આપવાનું અત્યંત જરૂરી છે. આપના ગામમાં પણ પાઠશાળા ચાલુ કરો.

❀ કેટલાક કોલેજિયન અને બીજા ઘણાય સભ્યો લખે છે કે આત્મધર્મ હાથમાં આવતાં બધું કામ છોડીને તે વાંચવા બેસી જાઉં છું, આત્મધર્મમાં એવો રસ પડે છે કે બીજું બધું ભૂલી જવાય છે. સોનગઢથી દૂર હોવા છતાં આત્મધર્મ હાથમાં આવતાં જાણે સોનગઢમાં હોઈએ એવું લાગે છે. ખરેખર, આત્મધર્મ દ્વારા અમને ગુરુદેવની ઉત્તમ પ્રસાદી મળે છે. जय जिनेन्द्र

## “અનેકાન્ત..........ઝીન્દાબાદ!”

## પરથી ભિન્ન આત્માનો અનુભવ કરાવે તે સાચો અનેકાન્ત

## વીતરાગવિજ્ઞાન-પ્રશ્નોત્તર ( પૃ. ૧૨ થી ચાલુ )

**૨૫૨. સુખ દુઃખનું કારણ શેમાં છે?**
સુખ-દુઃખનું કારણ જીવમાં છે, જડમાં નથી.

**૨૫૩. આત્મા કેવો છે.**
આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન છે.

**૨૫૪. સંવર શેનાથી થાય છે?**
સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવડે સંવર થાય છે.

**૨૫૫. જીવ સુખી-દુઃખી કઈ રીતે થાય છે.**
પોતાના સ્વભાવને ભૂલીને વિપરીત ભાવવડે તે દુઃખી થાય છે, ને સ્વભાવનું ભાન કરીને એકાગ્ર થતાં સુખી થાય છે.

**૨૫૬. બીજાને સુખ-દુઃખનું કારણ માને તો શું થાય?**
તો બીજા ઉપરના રાગ-દ્વેષ કદી છૂટે નહિ ને દુઃખ મટે નહિ.

**૨૫૭. શરીરની પ્રતિકૂળતા જીવને નડે છે?**
ના; સાતમી નરકની પ્રતિકૂળતા વચ્ચે પણ જીવો સમ્યગ્દર્શન પામે છે.

**૨૫૮. તો મિથ્યાદ્રષ્ટિને શું નડે છે?**
દેહબુદ્ધિનો તેનો ઊંધો ભાવ જ તેને અંતર્મુખ થવા દેતો નથી.

**૨૫૯. પ્રતિકૂળતા વચ્ચે સમ્યગ્દર્શન થાય?**
હા; અંદરમાં હું જ્ઞાનસ્વરૂપ છું એમ લક્ષ કરે તો પ્રતિકૂળતા વખતેય સમ્યગ્દર્શનાદિ થઈ શકે છે.

**૨૬૦. બહારની અનુકૂળતા સમ્યગ્દર્શન પામવામાં મદદ કરે?**
ના; બહારની બધી અનુકૂળતા હોવા છતાં જો પોતે અંતર્લક્ષ ન કરે તો સમ્યગ્દર્શન થતું નથી.

**૨૬૧. આ સિદ્ધાંત સમજીને શું કરવું?**
સંયોગ સામે જોવાનું છોડીને સ્વભાવ સામે જોવું.

**૨૬૨. અગૃહીત મિથ્યાત્વ એટલે શું?**
આત્માના સાચા સ્વરૂપને ભૂલીને વિપરીત માન્યું તે.

**૨૬૩. ગૃહીતમિથ્યાત્વ એટલે શું?**
કુદેવ-કુગુરુ-કુધર્મનું સેવન કરવું તે.

**૨૬૪. જીવે કયું મિથ્યાત્વ પૂર્વે છોડયું છે?**
ગૃહીતમિથ્યાત્વ છોડયું, પણ અગૃહીત ન છોડયું.

**૨૬૫. અગૃહીત મિથ્યાત્વ કેમ ન છૂટયું?**
ચેતનસ્વરૂપ આત્માનો અનુભવ ન કર્યો તેથી.

**૨૬૬. જીવનું સંસારભ્રમણ કેમ ન મટયું?**
મિથ્યાત્વ ન છોડયું ને સમ્યક્ત્વ ન કર્યું નથી.

**૨૬૭. સર્વજ્ઞ ભગવાને કેવો આત્મા જોયો છે?**
ભગવાને દેહથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્મા જોયો છે. (વિનમૂરતિ ચિન્મૂરતિ, અર્થાત્ મૂર્તપણા વગરનો ચૈતન્યમૂર્તિ આત્મા છે.)

**૨૬૮. મનુષ્યલોકમાં અત્યારે કોઈ સર્વજ્ઞભગવાન છે?**
હા; સીમંધરાદિ લાખો સર્વજ્ઞભગવંતો વિચરે છે.

**૨૬૯. કયા તત્ત્વો જાણવા પ્રયોજનભૂત છે?**

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ–આ સાત તત્ત્વોનું જ્ઞાન પ્રયોજનભૂત છે.

૨૭૦. સાત તત્ત્વોમાંથી શત્રુ કોણ ? મિત્ર કોણ ?

આસ્રવ ને બંધ શત્રુ જેવા છે; સંવર નિર્જરા–મોક્ષ મિત્ર જેવા છે.

૨૭૧. સાત તત્ત્વોમાં શુદ્ધદ્રષ્ટિથી કોણ ઉપાદેય છે ?

શુદ્ધદ્રષ્ટિથીશુદ્ધ જીવ જ ઉપાદેય છે.

૨૭૨. સાત તત્ત્વોમાં સુખ–દુઃખનાં કારણ કોણ છે ?

આસ્રવ ને બંધ દુઃખનાં કારણ છે; સંવર–નિર્જરા સુખનાં કારણ છે.

૨૭૩. ધર્માત્માએ કેવો અનુભવ કરવો ?

'હું ઉપયોગસ્વરૂપ જીવ છું' એવો.

૨૭૪. દેહબુદ્ધિ ક્યારે છૂટે ?

ઉપયોગસ્વરૂપ આત્માનો અનુભવ કરે ત્યારે.

૨૭૫. દેહની ક્રિયા તે સંવર છે ?

ના; સમ્યગ્દર્શનપૂર્વકની શુદ્ધતા તે સંવર છે.

૨૭૬. સુખનો સ્વાદ ક્યારે આવે ? મોક્ષમાર્ગ ક્યારે થાય ?

પરથી ભિન્નતા જાણીને સ્વમાં ઠરે ત્યારે.

૨૭૭. જાણનારતત્ત્વ તે જડની ક્રિયા કરે ?

ના; જો જડની ક્રિયા કરે તો તે જડ થઈ જાય.

૨૭૮. આત્મા શરીરરૂપ છે ?

ના; આત્મા સદા ઉપયોગસ્વરૂપ છે.

૨૭૯. અજીવની ક્રિયા કઈ રીતે થાય છે ?

અજીવમાંય અનંત શક્તિ છે, તેનાથી તેની ક્રિયા થાય છે.

૨૮૦. જગતમાં ચેતન દ્રવ્ય કયા ? ને અચેતન કયા ?

એક જીવ ચેતન; બાકીનાં પાંચ અચેતન.

૨૮૧ જગતમાં મૂર્ત દ્રવ્યો કયા ? ને અમૂર્ત કયા ?

એક પુદ્ગલદ્રવ્ય મૂર્ત; બાકીનાં પાંચ અમૂર્ત.

૨૮૨. આત્મા કેવો છે ?

આત્મા સર્વજ્ઞસ્વભાવી મહાન પદાર્થ છે; તેનામાં જ આનંદ છે; બીજા કોઈ પદાર્થમાં જ્ઞાન–આનંદ નથી, તેથી આત્મા અનુપમ છે.

૨૮૩. આવા આત્માને કઈ રીતે જાણી શકાય છે ?

પોતાના અનુભવ વડે જાણી શકાય છે.

૨૮૪. જીવની આંખ કઈ ?

ઉપયોગ તે જીવની આંખ છે.

૨૮૫. શુભક્રિયાઓ ધર્મનું કારણ થાય છે ? ના.

૨૮૬. શુદ્ધજીવસ્વભાવનો અનુભવ કરતાં શું થાય છે ?

આસ્રવ–બંધ ટળે છે, ને સંવર–નિર્જરા–મોક્ષ પ્રગટે છે.

૨૮૭. વીતરાગવાણીનો મૂળ મુદ્દો શું છે ?

જીવ અજીવનું ભેદજ્ઞાન કરીને વીતરાગ થવું તે. (વીતરાગવિજ્ઞાન)

**૨૮૮. જીવે શેનો વિચાર નથી કર્યો?**

પોતાના સ્વરૂપનો સાચો વિચાર કદી નથી કર્યો.

**૨૮૯. જીવની ચાલ કેવી છે? અજીવની ચાલ કેવી છે?**

જીવની ચાલ ચેતનરૂપ છે; અજીવની ચાલ જડરૂપ છે.

**૨૯૦. અરિહંતનું નામ લેવાથી મિથ્યાત્વ છૂટી જાય?**

ના; તેમનું સ્વરૂપ ઓળખે તો મિથ્યાત્વ છૂટે.

૨૯૧. અજ્ઞાની જીવ શેમાં અહંપણું કરે છે? શરીરમાં ને રાગમાં.

**૨૯૨. જીવે અહંપણું શેમાં કરવું જોઈએ?**

પોતાના ઉપયોગસ્વરૂપમાં

(અહંપણું એકત્વબુદ્ધિ)

**૨૯૩. અરિહંત–સિદ્ધ વગેરેની સાચી ઓળખાણ ક્યારે થાય?**

ઉપયોગસ્વરૂપ આત્માને ઓળખે ત્યારે.

**૨૯૪. દેહ વગર ને ખોરાક વગર આત્મા જીવી શકે?**

હા; આત્મા સદા ઉપયોગ વડે જીવે છે.

**૨૯૫. આત્મા શેના વગર જીવી ન શકે?**

ઉપયોગ વગર એક ક્ષણ પણ જીવી ન શકે.

**૨૯૬. શરીર વગરનો કે રાગ વગરનો જીવ હોઈ શકે?**

હા.

**૨૯૭. ઉપયોગ વગરનો જીવ હોઈ શકે?**

ના.

**૨૯૮. ફરી ફરીને ઘૂંટવા જેવું શું છે?**

ભેદવિજ્ઞાન.

**૨૯૯. સાચા સામાયિક ને પ્રતિક્રમણાદિ ધર્મ ક્યારે હોય?**

મિથ્યાત્વને છોડીને સમ્યક્ત્વ કરે ત્યારપછી.

**૩૦૦. આત્માને શરીરથી જુદો જાણ્યા વગર સામાયિક–પ્રતિક્રમણ હોય?**

ના.

(વિશેષ આવતા અંકે)

**अनेकान्त।......झिन्दाबाद!**

# આત્માના પ્રગટ અનુભવની રીત

## સમયસાર ગા. ૧૪૪નું પ્રવચન (૨)

પાત્ર જીવ આત્માના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે છે-એ વાત પૃ. ૧૩ પરના લેખમાં આપે વાંચી. એ પ્રમાણે જેણે સમ્યક્દર્શન પ્રગટયા પહેલાં શ્રુતજ્ઞાનના અવલંબનના જોરે આત્માના જ્ઞાનસ્વભાવને અવ્યક્તપણે લક્ષમાં લીધો છે, તે હવે પ્રગટરૂપ લક્ષમાં લ્યે છે-અનુભવ કરે છે-આત્મસાક્ષાત્કાર અર્થાત્ સમ્યગ્દર્શન કરે છે; -કઈ રીતે ? તે અહીં બતાવે છે.

“પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઇન્દ્રિય અને મનદ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તેમને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાનતત્ત્વને આત્મસન્મુખ કર્યું છે......” અપ્રગટરૂપ નિર્ણય થયો હતો તે હવે પ્રગટરૂપ કાર્ય લાવે છે; જે નિર્ણય કર્યો હતો તેનું ફળ પ્રગટે છે.

આ જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય જગતના બધા આત્માઓ કરી શકે છે. બધા આત્માઓ પરિપૂર્ણ ભગવાન જ છે, તેથી બધા પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરી શકવા સમર્થ છે. જે પોતાના આત્માનું હિત કરવા માગે તેને તે થઈ શકે છે. પરંતુ જીવે અનાદિથી પોતાની દરકાર કરી નથી. ભાઈ રે! તું કોણ વસ્તુ છો, તે જાણ્યા વિના તું કરીશ શું? પહેલાં આ જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો જોઈએ. એ નિર્ણય થતાં અવ્યક્તપણે આત્માનું લક્ષ આવ્યું, પછી પરલક્ષ અને વિકલ્પ છોડીને સ્વલક્ષે પ્રગટ અનુભવ કેમ કરવો તે બતાવે છે.

ઇન્દ્રિય અને મનથી જે પરલક્ષ થાય છે તેને ફેરવીને મતિજ્ઞાનને સ્વમાં એકાગ્ર કરતાં આત્મા પ્રગટ પ્રસિદ્ધ થાય છે એટલે કે અનુભવ થાય છે; આત્માનો પ્રગટરૂપ અનુભવ થવો તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

### 卐 ધર્મ માટે પહેલાં શું કરવું? 卐

આ કર્તાકર્મ–અધિકારની છેલ્લી ગાથા છે, આ ગાથામાં જિજ્ઞાસુને માર્ગ બતાવ્યો

છે. માણસો કહે છે કે આત્મા ન સમજાય તો પુણ્યના શુભભાવ તો કરવા કે નહિ? તેનો ઉત્તર કહે છે કે પ્રથમ સ્વભાવ સમજવો તે જ ધર્મ છે. ધર્મ વડે જ સંસારનો અંત આવે છે; શુભભાવથી ધર્મ થાય નહિ અને ધર્મ વગર સંસારનો અંત આવે નહિ. ધર્મ તો પોતાનો સ્વભાવ છે, માટે પહેલાં સ્વભાવ સમજવો જોઈએ. શુભભાવ થાય ખરા, પણ તે કર્તવ્ય નથી. શુભ–અશુભભાવ તો અનાદિકાળથી કરતો આવે છે, તે કાંઈ ધર્મનો ઉપાય નથી. પણ તે શુભ–અશુભભાવથી રહિત જ્ઞાનસ્વભાવી આત્માની ઓળખાણ કરવી તે જ ધર્મ છે.

પ્રશ્નઃ– સ્વભાવ ન સમજાય તો શું કરવું? સમજતાં વાર લાગે તો શું કરવું?

ઉત્તરઃ– પ્રથમ તો રુચિથી પ્રયત્ન કરે તેને આ વાત ન સમજાય એમ બને જ નહિ. સમજતાં વાર લાગે ત્યાં સમજણના લક્ષે અશુભભાવ ટાળી શુભભાવ તો સહેજે થાય છે, પરંતુ શુભભાવથી ધર્મ થતો નથી એમ જાણવું. જ્યાં સુધી કોઈ પણ જડ વસ્તુની ક્રિયા અને રાગની ક્રિયા જીવ પોતાની માને ત્યાં સુધી તે સાચી સમજણના માર્ગે નથી.

## 卐 સુખનો રસ્તો સાચી સમજણ; વિકારનું ફળ જડનો સંયોગ 卐

જીવને જો આત્માને સાચી રુચિ થાય તો તે સમજણનો રસ્તો લીધા વગર રહે નહિ; સત્ય જોઈતું હોય, સુખ જોઈતું હોય તો આ જ રસ્તો છે. ચારિત્રદશામાં ભલે વાર લાગે પરંતુ માર્ગ તો સાચી સમજણનો લેવો જોઈએ ને! સાચી સમજણનો માર્ગ લ્યે તો સત્ય સમજાયા વગર રહે જ નહિ. જો આવા મનુષ્યઅવતારમાં અને સત્સમાગમનાયોગે પણ સત્ય ન સમજે તો ફરી સત્યના આવા ટાણાં મળવા દુર્લભ છે. હું કોણ છું તેની જેને ખબર નથી અને અહીં જ સ્વરૂપ ચૂકીને જાય છે તે પરભવમાં જ્યાં જશે ત્યાં શું કરશે? સ્વરૂપના ભાન વગર શાંતિ ક્યાંથી લાવશે? આત્માના ભાન વગર કદાચ શુભભાવ કર્યા હોય તો તે શુભના ફળમાં જડનો સંયોગ મળશે, શુભના ફળમાં કાંઈ આત્મા નહીં મળે. આત્માની શાંતિ તો આત્મામાં છે, પરંતુ તેની તો દરકાર કરી નથી.

## 卐 અસાધ્ય કોણ અને શુદ્ધાત્મા કોણ? 卐

જે જીવ અહીં જ જડ સાથે એકત્વબુદ્ધિ કરીને જડ જેવો થઈ ગયો છે, પોતાને ભૂલીને સંયોગદ્રષ્ટિથી મરે છે, અસાધ્યપણે વર્તે છે એટલે ચૈતન્યસ્વરૂપનુ ભાન નથી, તે જીવતાં જ અસાધ્ય છે. ભલે, શરીર હાલે–ચાલે–બોલે, પણ એ તો જડની ક્રિયા

છે. તેનો ધણી થયો પણ અંતરમાં સાધ્ય જે જ્ઞાનસ્વરૂપ–તેની જેને ખબર નથી તે 'અસાધ્ય' છે. વસ્તુનો સ્વભાવ યથાર્થપણે સમ્યગ્દર્શનપૂર્વકના જ્ઞાનથી ન સમજે તો જીવને સ્વરૂપનો કિંચિત્ લાભ નથી. સમ્યગ્દર્શનજ્ઞાનવડે સ્વરૂપની ઓળખાણ અને અનુભવ કર્યો તેને જ 'શુદ્ધ આત્મા' એવું નામ મળે છે, તે જ સમયસાર છે અને એ જ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન છે, 'હું શુદ્ધ છું' એવો વિકલ્પ છૂટીને એકલો આત્મઅનુભવ થાય ત્યારે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે. આ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ કાંઈ આત્માથી જુદાં નથી, તે શુદ્ધઆત્મારૂપ જ છે.

સત્ય જેને જોઈતું હોય તેવા જિજ્ઞાસુ–સમજું જીવને કોઈ અસત્ય કહે તો તે અસત્યની હા પાડી દે નહિ, –તે અસત્નો સ્વીકાર ન કરે. રાગથી સ્વભાવનો અનુભવ થશે એવી વાત તેને બેસે નહિ. જેને સત્સ્વભાવ જોઈતો હોય તે સ્વભાવથી વિરુદ્ધભાવની હા ન પાડે, તેને પોતાનાં ન માને. વસ્તુનું સ્વરૂપ શુદ્ધ છે તેનો બરાબર નિર્ણય કર્યો અને રાગથી ભિન્ન પડીને જ્ઞાન સ્વસન્મુખ થતાં જે અભેદ શુદ્ધ અનુભવ થયો તે જ સમયસાર છે, અને તે જ ધર્મ છે. આવો ધર્મ કેવી રીતે થાય, ધર્મ કરવા માટે પ્રથમ શું કરવું? તે સંબંધી આ કથન ચાલે છે.

## 卐 ધર્મની રુચિવાળા જીવ કેવા હોય? 卐

ધર્મને માટે પહેલાં શ્રુતજ્ઞાનનું અવલંબન લઈ શ્રવણ–મનનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો કે હું એક જ્ઞાનસ્વભાવ છું, મારા જ્ઞાનસ્વભાવમાં જ્ઞાન સિવાય કાંઈ કરવા–મૂકવાનો સ્વભાવ નથી. આ પ્રમાણે સત્ સમજવામાં જે કાળ જાય છે તે અનંતકાળે નહિ કરેલો એવો અપૂર્વ અભ્યાસ છે. જીવને સત્ તરફની રુચિ થાય એટલે વૈરાગ્ય જાગે અને આખા સંસાર તરફની રુચિ ઊડી જાય. ચોરાશીના અવતારનો ત્રાસ થઈ જાય કે 'અરે! આ ત્રાસ શા? આ દુઃખ ક્યાં સુધી? સ્વરૂપનું ભાન નહિ અને ક્ષણેક્ષણે પરાશ્રયભાવમાં રાચવું–આ તે કાંઈ મનુષ્યજીવન છે? તિર્યંચ વગેરેનાં દુઃખની તો વાત જ શી, પરંતુ આ મનુષ્યમાં પણ આવા જીવન? અને મરણ ટાણે સ્વરૂપના ભાન વગર અસાધ્ય થઈને મરવું? નહિ; હવે આનાથી છૂટવાનો ઉપાય કરું ને શીઘ્ર આ દુઃખથી આત્માને મુક્ત કરું. –આ પ્રમાણે સંસારનો ત્રાસ થતાં સ્વરૂપ સમજવાની રુચિ થાય. વસ્તુ સમજવા માટેનો જે ઉદ્યમ તે પણ જ્ઞાનની ક્રિયા છે, સત્નો માર્ગ છે.

જિજ્ઞાસુઓએ પ્રથમ જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો; હું એક જાણનાર છું, મારું સ્વરૂપ જ્ઞાન છે, તે જાણવાવાળું છે, પુણ્ય–પાપ કોઈ મારા જ્ઞાનનું સ્વરૂપ

નથી. પુણ્ય–પાપના ભાવ કે સ્વર્ગ–નરક આદિ કોઈ ગતિ મારો સ્વભાવ નથી–એમ શ્રુતજ્ઞાનવડે આત્માનો નિર્ણય કરવો તે જ ધર્મનો પ્રથમ ઉપાય છે. શ્રુતના અવલબંનથી જ્ઞાનસ્વભાવનો જે નિર્ણય કર્યો તેનું ફળ, તે નિર્ણય–અનુસાર અનુભવ કરવો તે છે. આત્માનો નિર્ણય તે 'કારણ' અને આત્માનો અનુભવ તે કાર્ય એ રીતે અહીં લીધું છે, એટલે જે નિર્ણય કરે તેને અનુભવ થાય જ એમ વાત કરી છે. કારણના સેવન–અનુસાર કાર્ય પ્રગટે જ.

## 卐 અંતર-અનુભવનો ઉપાય અર્થાત્ જ્ઞાનની ક્રિયા 卐

આત્માનો નિર્ણય કર્યા પછી તેનો પ્રગટ અનુભવ કઈ રીતે કરવો તે બતાવે છેઃ નિર્ણયઅનુસાર જ્ઞાનનું આચરણ તે અનુભવ છે. પ્રગટ અનુભવમાં શાંતિનું વેદન લાવવા માટે એટલે આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે પર પદાર્થની પ્રસિદ્ધિમાં કારણને છોડી દેવા એટલે કે ઇન્દ્રિય અને મનનું અવલંબન છોડીને જ્ઞાનને સ્વ તરફ વાળવું. દેવ–ગુરુ–શાસ્ત્ર વગેરે પર પદાર્થો તરફનું લક્ષ તથા મનના અવલંબનને પ્રવર્તતી બુદ્ધિ તેને સંકોચીને, મર્યાદામાં લાવીને પોતા તરફ વાળવું, તે અંતર્–અનુભવનો પંથ છે, અને તે જ સહજ શીતળસ્વરૂપ અનાકુળ સ્વભાવમાં પેસવાનું દ્વાર છે.

પ્રથમ હું આત્મા જ્ઞાનસ્વભાવ છું એવો બરાબર નિશ્ચય કરીને, પછી તેનો પ્રગટ અનુભવ કરવા માટે, પર તરફ વળતા મતિ અને શ્રુતજ્ઞાનને સ્વ તરફ એકાગ્ર કરવા, ખરેખર તો જ્યાં જ્ઞાનસ્વભાવને લક્ષગત કરવા જાય ત્યાં મતિશ્રુતનો ઉપયોગ અંતરમાં વળી જ જાય છે. એટલે જે જ્ઞાન વિકલ્પમાં અટકતું તે જ્ઞાન ત્યાંથી છૂટીને સ્વભાવમાં આવે છે. જ્ઞાન આત્મસન્મુખ થતાં સ્વભાવનો નિર્વિકલ્પ અનુભવ થાય છે.

## 卐 જ્ઞાનમાં ભવ નથી 卐

જેણે મનના અવલંબને પ્રવર્તતા જ્ઞાનને મનથી છોડાવી સ્વ તરફ વાળ્યું છે અર્થાત્ મતિજ્ઞાન પર તરફ વળતું તેને મર્યાદામાં લઈને આત્મસન્મુખ કર્યું છે તેના જ્ઞાનમાં અનંત સંસારનો નાસ્તિભાવ અને જ્ઞાનસ્વભાવનો અસ્તિભાવ છે. આવી સમજણ અને આવું જ્ઞાન કરવું તેમાં અનંત પુરુષાર્થ છે. સ્વભાવમાં ભવ નથી, તેથી જેને સ્વભાવ તરફનો પુરુષાર્થ ઊગ્યો તેને ભવની શંકા રહેતી નથી. જ્યાં ભવની શંકા છે ત્યાં સાચું જ્ઞાન નથી અને જ્યાં સાચું જ્ઞાન છે ત્યાં ભવની શંકા નથી–આ રીતે 'જ્ઞાન' અને 'ભવ' ની એકબીજામાં નાસ્તિ છે.

પુરુષાર્થ વડે સત્સમાગમથી એકલા જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કર્યો પછી

'હું અબંધ છું કે બંધવાળો છું, શુદ્ધ છું કે અશુદ્ધ છું, ત્રિકાળી છું કે ક્ષણિક છું' એવી જે વૃત્તિઓ ઊઠે તેમાં પણ હજી આત્મશાંતિ નથી, તે વૃત્તિઓ આકુળતામય છે. આત્મશાંતિની વિરોધિની છે. નયપક્ષોના અવલંબનથી થતા મનસંબંધી અનેક પ્રકારના વિકલ્પો તેને પણ મર્યાદામાં લાવીને અર્થાત્ તે વિકલ્પોથી પણ જ્ઞાનને જુદું કરીને શ્રુતજ્ઞાનને પણ આત્મસન્મુખ કરતાં શુદ્ધાત્માનો અનુભવ થાય છે; આ રીતે મતિ અને શ્રુતજ્ઞાનને આત્મસન્મુખ કરવા તે જ સમ્યગ્દર્શનની રીત છે. ઇન્દ્રિય અને મનના અવલંબને મતિજ્ઞાન પરલક્ષે પ્રવર્તતું તેને, અને મનના અવલંબને શ્રુતજ્ઞાન અનેક પ્રકારના નયપક્ષોના વિકલ્પોમાં અટકતું તેને, –એટલે કે બહારમાં ભમતાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનને મર્યાદામાં લાવીને, –અંતર્સ્વભાવસન્મુખ કરીને, એક જ્ઞાનસ્વભાવને પકડીને (ઉપયોગમાં લઈને) નિર્વિકલ્પ થઈને તત્કાળ નિજરસથી જ પ્રગટ થતા શુદ્ધાત્માનો અનુભવ કરવો; તે અનુભવ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

## 卐 અનુભવમાં આવતો શુદ્ધાત્મા કેવો છે? 卐

શુદ્ધસ્વભાવ આદિ–મધ્ય–અંતરહિત ત્રિકાળ એકરૂપ છે, તેમાં બંધ–મોક્ષ નથી, તે અનાકુળસ્વરૂપ છે, 'હું શુદ્ધ છું કે અશુદ્ધ છું' એવા વિકલ્પથી થતી જે આકુળતા તેનાથી રહિત છે. લક્ષમાંથી પુણ્ય–પાપનો આશ્રય છૂટતાં એકલો આત્મા જ અનુભવમાં આવે છે, કેવળ એક આત્મામાં પુણ્ય–પાપના કોઈ ભાવો નથી. જાણે કે આખાય વિશ્વ ઉપર તરતો હોય એટલે કે સમસ્ત વિભાવોથી જુદો થઈ ગયો હોય તેવો ચૈતન્યસ્વભાવ છૂટો અખંડ પ્રતિભાસમય અનુભવાય છે. આત્માનો સ્વભાવ પુણ્ય–પાપની ઉપર તરતો છે, એટલે તેમાં ભળી જતો નથી; તે–રૂપ થતો નથી પરંતુ તેનાથી છૂટો ને છૂટો રહે છે. વળી અનંત છે એટલે કે જેના સ્વભાવનો કદી અંત નથી, પુણ્ય–પાપ તો અંતવાળા છે, જ્ઞાનસ્વરૂપ અનંત છે; અને વિજ્ઞાનઘન છે, એકલા જ્ઞાનનો જ પિંડ છે. એકલા જ્ઞાનપિંડમાં રાગ–દ્વેષ જરા પણ નથી. રાગનો અજ્ઞાનભાવે કર્તા હતો પણ સ્વભાવભાવે રાગનો કર્તા નથી. અખંડ આત્મસ્વભાવનો નિર્ણય કરીને પછી, સમસ્ત વિભાવભાવોનું લક્ષ છોડીને જ્યારે આ આત્મા, વિજ્ઞાનઘન (એટલે જેમાં કોઇ વિકલ્પો પ્રવેશ કરી શકે નહિ એવા જ્ઞાનના નિવડ પિંડરૂપ) પરમાત્મસ્વરૂપ સમયસારને અનુભવે છે ત્યારે તે પોતે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપ છે.

## 卐 નિશ્ચય અને વ્યવહાર 卐

આમાં નિશ્ચય–વ્યવહાર બંને આવી જાય છે. અખંડ વિજ્ઞાનઘનસ્વરૂપ જ્ઞાનસ્વભાવી આત્મા તે નિશ્ચય છે અને પરિણતિને સ્વભાવ–સન્મુખ કરવી તે શુદ્ધ વ્યવહાર

છે. મતિશ્રુતજ્ઞાનને સ્વતરફ વાળવાના પુરુષાર્થરૂપી જે પર્યાય તે વ્યવહાર છે, અખંડ આત્મસ્વભાવ તે નિશ્ચય છે. જ્યારે મતિ–શ્રુતજ્ઞાનને સ્વ તરફ વાળ્યા અને આત્માનો અનુભવ કર્યો તે જ વખતે આત્મા સમ્યક્પણે દેખાય છે–શ્રદ્ધાય છે. આ સમ્યગ્દર્શન પ્રગટવા વખતની વાત કરી છે.

## 卐 સમ્યગ્દર્શન થતાં શું થાય? 卐

સમ્યગ્દર્શન થતાં સ્વરસનો અપૂર્વ આનંદ અનુભવાય છે. આત્માનો સહજ આનંદ પ્રગટ થાય છે. આત્મિક–આનંદનો ઉછાળો આવે છે; અંતરમાં આત્મશાંતિનું વેદન થાય છે; આત્માનું સુખ અંતરમાં છે તે પ્રગટ અનુભવમાં આવે છે; આ અપૂર્વ સુખનો રસ્તો સમ્યગ્દર્શન જ છે. 'હું ભગવાન આત્મા સમયસાર છું' એમ જે નિર્વિકલ્પ શાંતરસ અનુભવાય છે તે જ સમયસાર છે અને તે જ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન છે. અહીં તો સમ્યગ્દર્શન અને આત્મા બંને અભેદ લીધા છે. આત્મા પોતે સમ્યગ્દર્શનસ્વરૂપ છે.

## 卐 વારંવાર જ્ઞાનમાં એકાગ્રતાનો અભ્યાસ કરવો 卐

સત્શ્રુતના પરિચયથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કર્યા પછી મતિ–શ્રુતજ્ઞાનને તે જ્ઞાનસ્વભાવ તરફ વાળવાનો પ્રયત્ન કરવો, નિર્વિકલ્પ થવાનો પુરુષાર્થ કરવો. આ જ સમ્યક્ત્વનો માર્ગ છે. આમાં તો વારંવાર જ્ઞાનમાં એકાગ્રતાનો અભ્યાસ જ કરવાનો છે, બહારમાં કંઈ કરવાનું ન આવ્યું. જ્ઞાનમાં સ્વભાવનો અભ્યાસ કરતાં કરતાં જ્યાં એકાગ્ર થયો ત્યાં તે જ વખતે સમ્યગ્જ્ઞાનરૂપે આ આત્મા પ્રગટ થાય છે. આ જ જન્મ–મરણ ટાળવાનો ઉપાય છે. એકલો જાણકસ્વભાવ છે તેમાં બીજું કાંઈ કરવાનો સ્વભાવ નથી. નિર્વિકલ્પ અનુભવ માટે આવો નિશ્ચય કરવો જોઈએ. આ સિવાય બીજું માને તેને તો વ્યવહારે પણ આત્માનો નિશ્ચય નથી. બહારમાં બીજા લાખ ઉપાયે પણ જ્ઞાન ન થાય, પણ જ્ઞાનસ્વભાવની પક્કડથી જ જ્ઞાન થાય. બધામાંથી એક જ્ઞાનસ્વભાવી આત્માને તારવે, પછી તેનું લક્ષ કરી પ્રગટ અનુભવ કરવા માટે, મતિશ્રુતજ્ઞાનની બહાર વળતી પર્યાયોને સ્વસન્મુખ કરતાં તત્કાળ નિર્વિકલ્પ નિજસ્વભાવરસ આનંદનો અનુભવ થાય છે. અંતરમાં દૃષ્ટિ કરીને પરમાત્મસ્વરૂપનું દર્શન જે વખતે કરે છે તે જ વખતે આત્મા પોતે સમ્યગ્દર્શનરૂપ પ્રગટ થાય છે; એકવાર જેને આત્માની આવી પ્રતીત થઈ ગઈ છે તેને પાછળથી વિકલ્પ આવે ત્યારે પણ જે આત્મદર્શન થઈ ગયું છે તેનું તો ભાન છે, એટલે કે આત્માનુભવ પછી વિકલ્પ ઊઠે તેથી સમ્યગ્દર્શન ચાલ્યું જતું નથી. સમ્યગ્દર્શન એ કોઈ વેષ નથી પણ સ્વાનુભવરૂપ પરિણમેલો આત્મા તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

સમ્યગ્દર્શનથી જ્ઞાનસ્વભાવી આત્માનો અનુભવ કર્યા પછી પણ શુભભાવ આવે ખરા, પરંતુ આત્મહિત તો જ્ઞાનસ્વભાવનો અનુભવ કરવાથી જ થાય છે. જેમે જેમ જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા વધતી જાય તેમ તેમ શુભાશુભભાવ પણ ટળતા જાય છે. બહારના લક્ષ જે વેદન થાય તે બધું દુઃખરૂપ છે, અંદરમાં શાંતરસની મૂર્તિ આત્મા છે તેના લક્ષે જે વેદન થાય તે જ સુખ છે. સમ્યગ્દર્શન તે આત્માનો ગુણ છે, ગુણ તે ગુણીથી જુદો ન હોય. એક અખંડ પ્રતિભાસમય આત્માનો અનુભવ તે જ સમ્યગ્દર્શન છે, ને તે આત્મા જ છે.

## 卐 ભવ્યને ભલામણ 卐

હે ભવ્ય! આત્મકલ્યાણ માટે તું આ ઉપાય કર. બીજા બધા ઉપાય છોડીને આ જ કરવાનું છે. હિતનું સાધન બહારમાં લેશમાત્ર નથી. મોક્ષાર્થીએ સત્સમાગમે જ્ઞાનસ્વરૂપ આત્માનો નિશ્ચય કરવો. વાસ્તવિક તત્ત્વની શ્રદ્ધા વગર અંદરના વેદનની રમઝટ નહિ જામે. પ્રથમ અંતરથી સતનો હકાર આપ્યા વગર સત્‌સ્વરૂપનું જ્ઞાન થાય નહિ અને સત્‌સ્વરૂપના જ્ઞાન વગર ભવબંધનની બેડી તૂટે નહિ. ભવબંધનના અંત વગરનાં જીવન શા કામના? ભવના અંતની શ્રદ્ધા વગર કદાચ પુણ્ય કરે તો તેનું ફળ રાજપદ કે દેવપદ મળે, પરંતુ તેમાં આત્માને શું? આત્માના ભાન વગરના તો એ પુણ્ય અને એ દેવપદ બધાંય ધૂળધાણી જ છે, તેમાં આત્માની શાંતિનો અંશ પણ નથી. માટે પહેલાં શ્રુતજ્ઞાનવડે જ્ઞાનસ્વભાવનો દ્રઢ નિશ્ચય કરતાં પ્રતીતમાં ભવની શંકા રહેતી નથી, અને જેટલી જ્ઞાનની દ્રઢતા થાય તેટલી શાંતિ વધતી જાય છે.

ભાઈ, પ્રભુ! તું કેવો છો, તારી પ્રભુતાનો મહિમા કેવો છે એ તેં જાણ્યું નથી. તારી પ્રભુતાના ભાન વગર તું બહારમાં જેનાં–તેનાં ગાણાં ગાયા કરે તો તેમાં કંઈ તને તારી પ્રભુતાનો લાભ નથી. તેં પરનાં ગાણાં ગાયા પણ પોતાના ગાણાં ગાયા નહિ, અર્થાત્ પોતાના સ્વભાવની મહત્તા જાણી નહિ તો તને શો લાભ? ભગવાનની પ્રતિમા સામે કહે કે 'હે નાથ, હે ભગવાન! આપ અનંતજ્ઞાનના ધણી છો' ત્યાં સામો પણ એવો જ પડઘો પડે કે 'હે નાથ, હે ભગવાન! આપ અનંતજ્ઞાનના ધણી છો......' એટલે કે જેવું પરમાત્માનું સ્વરૂપ છે એવું જ તારું સ્વરૂપ છે, તેને તું ઓળખ; તો તને તારી પ્રભુતાનો લાભ થાય.

શુદ્ધાત્મસ્વરૂપનું વેદન કહો, જ્ઞાન કહો, શ્રદ્ધા કહો, ચારિત્ર કહો, અનુભવ કહો કે સાક્ષાત્કાર કહો–જે કહો તે આ એક આત્મા જ છે. વધારે શું કહેવું? જે કાંઈ છે તે આ એક આત્મા જ છે, તેને જ જુદા જુદા નામથી કહેવાય છે. કેવળીપદ, સિદ્ધપદ કે સાધુપદ, એ બધા એક આત્મામાં જ સમાય છે. આરાધના, મોક્ષમાર્ગ એ વગેરે પણ શુદ્ધઆત્મામાં જ સમાય છે. આવા આત્મસ્વરૂપની અનુભૂતિ એ જ સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શન જ આત્માના સર્વ ધર્મનું મૂળ છે.

# શુભરાગથી સ્વર્ગ તો મળે છે-છતાં તેમાં દુઃખ ?

જીવ અજ્ઞાનથી જેમ પોતાને દેહરૂપ માને છે તેમ રાગાદિ ભાવો પ્રગટપણે દુઃખદાયક હોવા છતાં અજ્ઞાનથી જીવ તેને સુખરૂપ માનીને સેવે છે; આસ્રવો જીવના સ્વભાવથી ભિન્ન હોવા છતાં તેને પોતાનું સ્વરૂપ માનીને સેવે છે. શુભરાગથી મને કાંઈ લાભ થશે, –તે મોક્ષનું કારણ થશે–એમ જે માને છે તેણે આસ્રવતત્ત્વને આસ્રવરૂપ ન જાણતાં સંવર–નિર્જરારૂપ માન્યું; આસ્રવો દુઃખરૂપ હોવા છતાં તેને હિતરૂપ માન્યા; તે અધર્મ હોવા છતાં તેને ધર્મનું સાધન માન્યું; તે બંધભાવ હોવા છતાં તેને મોક્ષનું સાધન માન્યું; તે વિપદા હોવા છતાં તેનાથી આત્મસંપદા પ્રાપ્ત થશે–એમ માન્યું આ રીતે અજ્ઞાનીને તત્ત્વમાં ભૂલ છે. દુઃખ દેનારા ભાવને સુખ દેનારા માનીને જે સેવે તે દુઃખથી ક્યારે છૂટે ? અશુભરાગ ને શુભરાગ બંનેમાં દુઃખ છે.

પ્રશ્નઃ– શુભથી સ્વર્ગ તો મળે છે ?

ઉત્તરઃ– અરે ભાઈ, સ્વર્ગ મળે તેમાં આત્માને શું ? એ સ્વર્ગની સામગ્રીમાં જેને શુભ ભાસે છે ને એ સામગ્રી વિનાનું અતીન્દ્રિય આત્મસુખ જેને નથી ભાસતું તે મિથ્યાદૃષ્ટિ છે. પ્રવચનસારમાં કુંદકુંદસ્વામી કહે છે કે પુણ્યના ફળથી તૃષ્ણા વડે દુઃખી જીવો, મૃગતૃષ્ણામાંથી જળની માફક વિષયોમાંથી સુખને ઈચ્છે છે.....પુણ્યશાળીઓ પણ પાપશાળીઓની માફક, વિષયોને ઈચ્છતા થકા કલેશ પામે છે. પુણ્ય પણ પાપની જેમ દુઃખનું સાધન છે. શુભ ને અશુભ (પુણ્ય ને પાપ) બંને આત્મસ્વભાવ છે, બંને શુદ્ધોપયોગથી વિપરીત છે. આ રીતે પુણ્ય અને પાપ બંનેમાં સમાનપણું જે નથી માનતો, ને પુણ્યફળમાં સુખ માનીને તેનો મોહ કરે છે તે જીવ મિથ્યાદૃષ્ટિપણે સંસારમાં જ રખડતો થતો દુઃખને જ અનુભવે છે.

શાંત–આનંદસ્વરૂપ આત્મા, તેનાથી વિરુદ્ધ પુણ્યપાપના ભાવો આકુળતારૂપ છે, શુભરાગને ચેનરૂપ–હિતરૂપ માનીને સેવે છે તેમાં વીતરાગી આત્માનો અનાદર થાય છે. અમૃતસ્વરૂપ આત્માના વેદનમાં પરમ શાંતિ છે, રાગના વેદનમાં જરાય શાંતિ નથી, તેમાં તો આકુળતા જ છે, પ્રગટપણે તે દુઃખ દેનાર છે; પણ અજ્ઞાનીને તેમાં મજા લાગે છે, કેમકે આત્માની સાચી શાંતિ તો તેણે જોઈ નથી.

રમતગમતમાં આનંદ માને છે પણ એ તો આકુળતા છે, તને ભ્રમથી તેમાં સુખ લાગે છે. અશુભમાં તો દુઃખ છે ને શુભમાંય દુઃખ છે, શુભ–અશુભ બંનેથી પાર ચૈતન્યસ્વભાવ તે જ સુખ છે ને તે જ મોક્ષમાર્ગ છે. (વીતરાગવિજ્ઞાન ભાગ–૨)

---

શ્રી દિગંબરજૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : મગનલાલ જૈન. અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) : પ્રત ૨૭૦૦